CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions
2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ
Page 16
Year : 04, Issue : 113, Dt. 12-09-2026 (SATURDAY) Rs. 02/- Page : 26, RNI No. GUJGUJ/2023/84789

## ભારત મંડપમમાં 18મી BRICS સમિટનો ભવ્ય પ્રારંભ

# અમે કોઈના વિરુદ્ધ નથી, બધાને સાથે લઈને ચાલવાનું છે : મોદી

### 7 વર્ષ બાદ ભારત આવેલા શી જિનપિંગનું PM મોદીએ કર્યું સ્વાગત; વૈશ્વિક શાંતિ, સહયોગ અને સુધારાઓ પર નેતાઓનું મંથન : BRICSના મંચ પર મોદી-જિનપિંગ-પુતિન એકસાથે





### BRICSની એકતા હવે નક્કર પરિણામોમાં બદલવાનો સમય : મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે BRICSએ છેલ્લા ૨૦ વર્ષમાં પોતાની આગવી ઓળખ બનાવી છે અને હવે આગામી બે દાયકા માટે વધુ મહત્વાકાંક્ષી એજન્ડા જરૂરી છે. તેમણે સંગઠનના નિર્ણયોનો અમલ સતત ચાલુ રહે તે માટે કાયમી વ્યવસ્થા તથા સુરક્ષિત ડિજિટલ રેકોર્ડ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. સાથે જ ગ્લોબલ સાઉથને AI, સાયબરસ્પેસ, અવકાશ અને બાયોટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક નિયમો ઘડવામાં સમાન ભાગીદાર બનાવવાની વાત કરી. મોદીએ ભારપૂર્વક કહ્યું કે વિશ્વનું ભવિષ્ય જો સહિયારું છે તો તેના નિર્ણયો પણ તમામ દેશોની ભાગીદારીથી થવા જોઈએ.

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૮મી BRICS સમિટનો પ્રારંભ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમિટને સંબોધિત કરતાં સ્પષ્ટ કર્યું કે BRICS કોઈ દેશ કે જૂથની વિરુદ્ધનું મંચ નથી, પરંતુ તમામ દેશોને સાથે લઈને ચાલવાનો પ્રયાસ છે. તેમણે કહ્યું કે છેલ્લા બે દાયકામાં BRICSએ વૈશ્વિક મંચ પર પોતાની આગવી ઓળખ બનાવી છે અને હવે એકતા તથા સર્વસંમતિને નક્કર પરિણામોમાં બદલવાનો સમય આવી ગયો છે.

સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સહિત BRICSના સભ્ય દેશોના નેતાઓ હાજર રહ્યા છે. ભારતની અધ્યક્ષતામાં યોજાઈ રહેલી આ સમિટમાં વૈશ્વિક ગવર્નન્સ, વેપાર, સુરક્ષા, સપ્લાય ચેઈન, ટેક્નોલોજી અને નાણાકીય સહયોગ સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. ભારતે સભ્ય દેશો વચ્ચેના મતભેદો દૂર કરવા સતત વાતચીત દ્વારા સહમતિ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

વડાપ્રધાન મોદીએ BRICSના આગામી ૨૦ વર્ષ માટે નવો અને મહત્વાકાંક્ષી એજન્ડા તૈયાર કરવાની જરૂરિયાત વ્યક્ત કરી. તેમણે કહ્યું કે BRICSનું અધ્યક્ષપદ દર વર્ષે બદલાય છે, પરંતુ તેના કારણે સંગઠનના નિર્ણયો અને કામગીરીની ગતિ અટકવી જોઈએ નહીં. આ માટે તેમણે નિર્ણયો પર અમલ અને તેની દેખરેખ માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવાની દરખાસ્ત કરી.

મોદીએ વૈશ્વિક ગવર્નન્સની વર્તમાન વ્યવસ્થામાં સુધારાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે વિશ્વનું ભવિષ્ય જો સહિયારું છે તો તેને નક્કી કરવાનો અધિકાર પણ તમામ દેશો પાસે હોવો જોઈએ. ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશો માત્ર અન્ય દેશો દ્વારા બનાવાયેલા નિયમોનું પાલન કરનારા નહીં, પરંતુ વૈશ્વિક નિયમો ઘડવામાં સમાન ભાગીદાર બનવા જોઈએ. વડાપ્રધાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબરસ્પેસ, અવકાશ અને બાયોટેકનોલોજી જેવી નવી ટેક્નોલોજીઓના ક્ષેત્રમાં નિયમો નક્કી કરતી વખતે વિકાસશીલ દેશોની સમાન ભાગીદારીની જરૂરિયાત વ્યક્ત કરી.

### વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે BRICSએ આગેવાની લેવી જોઈએ : જિનપિંગ

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે BRICS દેશોને વૈશ્વિક શાંતિ અને સ્થિરતા જાળવવામાં વધુ સક્રિય ભૂમિકા ભજવવાની અપીલ કરી. ખાસ કરીને મધ્ય-પૂર્વ અને ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલા સંકટને લઈને તેમણે શાંતિ અને સ્થિરતા પુનસ્થાપિત કરવા સંયુક્ત પ્રયાસો પર ભાર મૂક્યો. ચીન BRICSને ગ્લોબલ સાઉથના સહયોગ અને બહુપક્ષીય વ્યવસ્થાને મજબૂત બનાવવાના મહત્વપૂર્ણ મંચ તરીકે જુએ છે.

### હોર્મુઝ પછી હવે બીજા ઓઈલ રૂટ પર સંકટ

# સાઉદી અરબ સિવાય કોઈનું જહાજ રોકીશું નહીંઃ હુતી

## યમનના હુતી વિદ્રોહીઓએ 5400 ચોરસ કિમી વિસ્તાર પર કબજા થઈ ગયો હોવાની જાહેરાત



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

હોર્મુઝ સ્ટ્રેટ પછી હવે વધુ એક દરિયાઈ ઓઈલ રૂટ બાબ અલ-મંદેબ સ્ટ્રેટ સંકટમાં છે. યમનના હુતી વિદ્રોહીઓએ અહીં કબજાની જાહેરાત કરી છે. બાબ-અલ-મંદેબ એશિયા અને યુરોપ વચ્ચે જહાજોની અવરજવર માટે એક મહત્વપૂર્ણ માર્ગ છે.હુતી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ કહ્યું કે સાઉદી સમર્થિત સેનાઓએ બાબ અલ-મંદેબની વચ્ચે આવેલા પેરિમ દ્વીપ પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે. હવે તેમનો ૫,૪૦૦ ચોરસ કિમી વિસ્તાર પર કબજો થઈ ગયો છે. હુતી પ્રવક્તાએ કહ્યું કે આ સ્ટ્રેટમાંથી સાઉદી અરબને છોડીને, બાકીના બધા દેશોના જહાજોને પસાર થવાની મંજૂરી છે. હુતી વિદ્રોહીઓનું કહેવું છે કે સાઉદી અરબે તેમની આર્થિક નાકાબંધી કરી રાખી છે.રોઇટર્સ અનુસાર, ઈરાને હુતીઓને સૈન્ય સલાહ અને મદદ આપી હતી. એક રાજદ્વારી અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના ઘણા વરિષ્ઠ કમાન્ડર યમનમાં હાજર છે. અભિયાન શરૂ થતા પહેલા ઈરાન અને હુતીઓ વચ્ચે ઘણી બેઠકો પણ થઈ હતી. જોકે, મોખા પર હુમલો કરવાનો નિર્ણય હુતીઓએ પોતે લીધો હતો.

યમનના પાંચ સૈન્ય અધિકારીઓએ પણ કહ્યું કે લાલ સાગરમાં હુતીઓના નવા અભિયાનમાં ઈરાને મદદ કરી હતી. યમની સૂત્રોનો દાવો છે કે કુદ્સ ફોર્સના કમાન્ડર અબ્દોલરેઝા શહલાઈ હુતીઓના અભિયાનને દિશા આપી રહ્યા હતા. ઈરાને તેની પુષ્ટિ કરી નથી.

એક્સિઓસની રિપોર્ટ અનુસાર, હુતીઓ વિરુદ્ધ સાઉદી અરબને અમેરિકી મદદની અપેક્ષા હતી. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ટ્રમ્પને સીધા અમેરિકી હવાઈ હુમલા કરવાની અપીલ કરી હતી, પરંતુ અમેરિકી રાષ્ટ્રપતિએ ઇનકાર કરી દીધો. જોકે, અમેરિકા ક્ષેત્રની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યું છે. CNN અનુસાર, ૧૦૦થી વધુ અમેરિકી સૈન્ય સલાહકારો સાઉદી અરબમાં હાજર છે. એક અમેરિકી અધિકારીએ તેમની સંખ્યા લગભગ ૨૦૦ જણાવી છે.આ અમેરિકી સૈન્યકર્મીઓ સાઉદી સેનાને હુતીઓ સંબંધિત ગુપ્ત માહિતી શોધવામાં મદદ કરી રહ્યા છે. આ રીતે અમેરિકા સીધી સૈન્ય કાર્યવાહીથી બચી રહ્યું છે.



### ગ્લોબલ ઓઈલ સંકટ ઘેરાયું

# સાઉદી અરેબિયા પર ડ્રોન હુમલો

## 50 લાખ બેરલ તેલ આપતી ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ, હુમલો કરાતા પમ્પિંગ સ્ટેશનો ભડકે બળ્યા

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

સાઉદી અરેબિયાએ ડ્રોન હુમલા બાદ પોતાની ઈસ્ટ-વેસ્ટ તેલ પાઈપલાઈન બંધ કરી દીધી છે. ગુરુવારે થયેલા ડ્રોન હુમલામાં પાઈપલાઈન સાથે જોડાયેલા પમ્પિંગ સ્ટેશનોમાં આગ લાગી ગઈ અને કેટલાક લોકો ઘાયલ થયા.ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝ બંધ થયા બાદ સાઉદી આ જ પાઈપલાઈનથી રોજ લગભગ ૫૦ લાખ બેરલ તેલ મોકલી રહ્યું હતું.સાઉદી ઉર્જા મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે પાઈપલાઈન પર ગુરુવારે ઘણા હુમલા થયા હતા. મંત્રાલયની ટીમો પાઈપલાઈનને સુરક્ષિત કરવા અને નુકસાનનો અંદાજ લગાવવામાં વ્યસ્ત છે.હાલમાં એ સ્પષ્ટ નથી કે આ હુમલા કોણે કર્યા. અત્યાર સુધી કોઈ પણ દેશ કે સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી.અમેરિકી અધિકારીઓ અનુસાર, હુમલામાં પાઈપલાઈન નજીક બનેલા પમ્પિંગ સ્ટેશનોને નિશાન બનાવવામાં આવ્યા. પમ્પિંગ સ્ટેશનો પાઈપલાઈનમાં તેલને આગળ મોકલવામાં મદદ કરે છે.શુક્રવારે લેવાયેલી સેટેલાઇટ તસવીરમાં એક પમ્પિંગ સ્ટેશન પર આગથી ઘણું નુકસાન જોવા મળ્યું. એક બીજી તસવીરમાં સ્ટેશનમાંથી કાળો ધુમાડો નીકળતો દેખાયો.હજુ એ સ્પષ્ટ નથી કે પાઈપલાઈનને સીધું કેટલું નુકસાન થયું છે. એ પણ ખબર નથી કે પાઈપલાઈન ફરી ક્યારે શરૂ થશે.

સાઉદી વિદેશ મંત્રાલયે જણાવ્યું કે રિયાદ અને મદીના વિસ્તારોમાં પાઈપલાઈન પર ઘણા ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો. સાઉદી અનુસાર, આ ડ્રોન ઈરાકથી આવ્યા હતા.સાઉદીએ કહ્યું કે ઈરાકના વડાપ્રધાનના કહેવા પર તેણે હાલ પૂરતો વળતો હુમલો ન કરવાનો નિર્ણય કર્યો છે. સાઉદી ઇચ્છે છે કે ઈરાક પહેલા પોતાની જમીન પરથી થતા આવા હુમલાઓને રોકવા માટે કાર્યવાહી કરે.ઈરાકે પણ હુમલાની નિંદા કરી છે. ઈરાકી સરકારે જણાવ્યું કે તે આ મામલાની તપાસ કરશે અને પોતાની જમીન કે હવાઈ ક્ષેત્રનો ઉપયોગ અન્ય દેશો પર હુમલો કરવા માટે થવા દેશે નહીં.સાઉદી અરેબિયાનું મોટાભાગનું તેલ દેશના પૂર્વીય ભાગમાં નીકળે છે. તેને અન્ય દેશો સુધી પહોંચાડવા માટે સામાન્ય રીતે જહાજોનો ઉપયોગ થાય છે, જેને ફારસની ખાડીમાંથી બહાર નીકળવા માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડે છે.ઈરાન યુદ્ધ પછી હોર્મુઝનો રસ્તો બંધ થયો તો સાઉદીએ ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનનો સહારો લીધો. આ પાઈપલાઈન તેલને દેશના પૂર્વીય ભાગથી સીધા પશ્ચિમી તટના યાનબુ બંદરગાહ સુધી પહોંચાડે છે. એટલે કે તેલને હોર્મુઝમાંથી પસાર થવું પડતું નથી. હોર્મુઝ બંધ થયા પછી સાઉદી આ પાઈપલાઈનથી દરરોજ લગભગ ૫૦ લાખ બેરલ તેલ યાનબુ મોકલી રહ્યું હતું. ત્યાંથી તેલ જહાજો દ્વારા અન્ય દેશો સુધી પહોંચાડી શકાય છે.


સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
આજના અખબારમાં સૌથી પહેલા કયું પાનું વાંચશો ?
LOCAL
RELEVANT
TRUSTED
ALWAYS WITH YOU
GOOD NEWS BRIGHTER PEOPLE BETTER TOMORROW
City News | SPECIAL
PEOPLE | IDEAS | TRENDS | OPPORTUNITIES | CHANGE
Zen G
યુવા વિચાર. ઉજ્જવળ આવતીકાલ.
THE NEXT GENERATION PAGES STARTS HERE...
YOUTH VOICES REAL STORIES
Same City Bigger Dreams
LEARN GROW EXPLORE
IDEAS THAT MATTER
BE THE CHANGE
City News
A BRIGHTER CITY FOR A BRIGHTER TOMORROW
IDEAS
CAREER
LIFESTYLE
TECHNOLOGY
ENTERTAINMENT
SOCIAL IMPACT
Good Ideas Start with Good News
હવે રોજ
Zen G ના સમાચારનું એક પેજ
માત્ર City News માં !
એક પેજ નહીં... હવે રોજ Zen G નો અવાજ !
શિક્ષણ
નવા માર્ગ, મોટા સપના
કેરિયર
તૈયારી આજે, સફળતા કાલે
નવા વિચાર
યુવા મગજ, નવી દિશા
યુવા અવાજ
તમારી વાત, અમારો મંચ
સમાજ માટે
સારી શરુઆત, આરો સમાજ
મનોરંજન
ફન પણ, ફેક્ટ પણ
ટેકનોલોજી
આજનું ઇનોવેશન, આવતીકાલની તાકાત
સકારાત્મકતા
સારા વિચારો, સુંદર આવતીકાલ
Same City. A Brighter Generation.
સિટી ન્યૂઝ | Zen G
NEWS FOR TODAY. IDEAS FOR TOMORROW.

# જે થાય તે કરી લેજો : રાજકોટમાં ગટરમાં મેડિકલ વેસ્ટ ઠાલવતાં તબીબની દાદાગીરી


નઘરોળ તંત્ર અને લાચાર કોર્પોરેટર વચ્ચે પિસાતી પ્રજા!

કીર્તિબા રાણા
કોર્પોરેટર

તસવીરઃ અક્ષય ગોંડલિયા

## ■ વોર્ડ નં. 17ની અરવિંદભાઈ મણિયાર સોસાયટીમાં વારંવાર ગટર ઉભરાતા દુર્ગંધ અને ગંદકીનું સામ્રાજ્ય, અનેક રજૂઆતો છતાં તંત્ર ઘોર નિંદ્રામાં

## ■ સ્થાનિક લોકોએ અનેક વખત ત્યાંના કોર્પોરેટર કીર્તીબા રાણાને રજૂઆત કરવા છતા કોર્પોરેટર ફોન જ ઉપાડતા નથી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૭માં આવેલી અરવિંદભાઈ મણિયાર સોસાયટીની શેરી નં. ૫ના રહીશો હાલ ગંદકી અને દુર્ગંધ વચ્ચે નરકાગાર જેવું જીવન જીવવા મજબૂર બન્યા છે. આ વિસ્તારમાં વારંવાર ગટર ઉભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે, જેના કારણે ગટરના ગંદા પાણી રસ્તાઓ પર ફરી વળે છે. સ્થાનિકો દ્વારા આ અસહ્ય દુર્ગંધ અને અસ્વચ્છતા અંગે તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા આજદિન સુધી આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

ગટરના પાણી રસ્તા પર ફરી વળવા પાછળનું મુખ્ય કારણ એક તબીબની બેદરકારી હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક રહેવાસીઓએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, આ જ વિસ્તારમાં આવેલા ડૉ. હીનાબેન પટેલના દવાખાના તરફથી વારંવાર હોસ્પિટલનો કચરો ગટરમાં નાખવામાં આવે છે. આ કચરાના કારણે ગટરની લાઈનો ચોકઅપ થઈ જાય છે અને ગંદુ પાણી બહાર રસ્તાઓ પર ફેલાય છે. સ્થાનિકોએ આ મામલે તંત્ર દ્વારા સઘન તપાસ કરી, કચરો ગટરમાં જતો અટકાવવા કડક



કાર્યવાહી કરવા અને ગટર વ્યવસ્થાનો કાયમી ઉકેલ લાવવા ઉગ્ર માંગ કરી છે. આ સમગ્ર મામલામાં સૌથી ચોંકાવનારી બાબત તબીબનું ઘમંડી વર્તન અને ચૂંટાયેલા પ્રતિનિધિની લાચારી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જ્યારે તેઓ ગટર ઉભરાવાની ફરિયાદ લઈને ડૉ. હીનાબેન પટેલ પાસે ગયા, ત્યારે ડૉક્ટરે અત્યંત તોછડું વર્તન કરી દાદાગીરી બતાવતા કહ્યું હતું કે, જે થાય તે કરી લેજો, મારું કોઈ કંઈ કરી નહીં શકે. આટલું ઓછું હોય તેમ, જ્યારે ત્રસ્ત રહીશોએ પોતાના સ્થાનિક કોર્પોરેટરને આ મામલે રજૂઆત કરી ત્યારે તેઓએ પણ પોતાની લાચારી વ્યક્ત કરતા કહી દીધું કે, ત્યાં મારું કંઈ ચાલતું નથી. આમ, એક તરફ બેફામ તબીબ અને બીજી તરફ લાચાર જનપ્રતિનિધિ વચ્ચે સ્થાનિક રહીશો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે.



# વિકાસ જોઈએ, વૃક્ષોનું નિકંદન નહીં

# કોઠારીયામાં મનપા સામે વિરોધ

## વોકળા ઉપર કોમ્યુનિટી હોલ-ફાયર સ્ટેશનના પ્રોજેક્ટનો વિરોધ : વૃક્ષ છેદન અને વરસાદી પાણી ભરાવાની શક્યતા અંગે નાગરિકોમાં ચિંતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોઠારીયા કોલોની યુવા ગ્રુપના પ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઈન્દુભા રાઓલ, સિનિયર સિટીઝન લાખાણી, જાગૃત નાગરિકો મનોજભાઈ ચોટલીયા, પૂર્વ ફૌજી નટુભાઈ ઝાલા ની સંયુક્ત જણાવે છે કે રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧૪માં તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા અંદાજે ૪૨ કરોડના ખર્ચે બે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે જેમાં કોઠારીયા કોલોની અને વાણીયાવાડી (જુનો પારડી માર્ગ) વચ્ચે આવેલ વોકળા ઉપર કોમ્યુનિટી હોલ અને ફાયર સ્ટેશન નું નિર્માણ થવાનું હોય પરંતુ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વૃક્ષ છેદન અને વોકળા ઉપરના બાંધકામના પગલે લોકોમાં તીવ્ર નારાજગી અને લોકરોષ ભભૂકયો છે.

અધિકારીઓ પ્રોજેક્ટ દરમિયાન જયારે પણ આવે ત્યારે મહિલા મંડળની ટીમો દ્વારા તેનો વિરોધ કરી થાળી વગાડવાનો આંદોલન યથાવત રખાયા બાદ મ્યુનિસિપલ કમિશનર અને મેયર ને કરેલી ઇનવર્ડ નંબર ૧૯૧૭ તારીખ :- ૦૭/૦૮/૨૦૨૬, ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર અને સીટી ઇજનેરને પણ તારીખ :- ૧૨/૦૮/૨૦૨૬ના લેખિત રજૂઆતો કરવામાં આવી હતી તે તમામ રજૂઆતો તુમારશાહીનો ભોગ બનતા કોઠારીયા કોલોની યુવા ગ્રુપ ને કોઈપણ પ્રકારનો હકારાત્મક કે નકારાત્મક જવાબ લેખિતમાં ન આપાતા યુવા ગ્રુપ દ્વારા સપ્ટેમ્બર માસના મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ કરવામાં આવી છે. વૃક્ષો કોઈ પણ સંજોગોમાં કપાશે તો જોયા જેવી થશે એવી ચીમકી ઉચ્ચારી હતી. આશ્ચર્યની બાબત તો એ છે કે જે જગ્યાએ કોમ્યુનિટી હોલ નું નિર્માણ થવાનું છે ત્યાંથી ફક્ત અડધો કિલોમીટર એ જ માર્ગ પર રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત બે માળનો કોમ્યુનિટી હોલ રણછોડદાસજી બાપુ હોલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના તંત્રને રજૂઆતની ભાષા સમજાતી ન હોય અને આંદોલનની જ ભાષા સમજાતી હોય જે પગલે જનતાએ આંદોલનની સાથો સાથ મુખ્યમંત્રી ફરિયાદ નિવારણમાં પણ ફરિયાદ કરવામાં આવી છે. જાગૃત નાગરિક ગજેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે જે સ્થળે પ્રોજેક્ટ નું નિર્માણ કરવાનું છે તે સ્થળે વૃક્ષોને નંબર આપેલા છે તેમાંથી પ્રોજેક્ટ  દરમિયાન કયા કયા વૃક્ષો નું છેદન કરાશે અને ૭૫ માંથી કુલ કેટલા વૃક્ષો ની હત્યા કરવામાં આવશે અને કયા કયા નંબરના વૃક્ષોની કતલ કરવામાં આવશે તેની સ્પષ્ટતા મ્યુનિસિપલ કમિશનર શ્રી લેખિતમાં કરવી પડશે. તેમજ સીટી ઇજનેર દ્વારા બોક્સ કલવર્ટ દ્વારા બાંધકામ કરી વિસ્તારોમાં વરસાદી પાણી નહીં ભરાય તેને લેખિતમાં ખાતરી આપવી પડશે જે કોઈ પ્રોજેક્ટ થાય અને વિકાસ થાય એમાં અમારા સમગ્ર વિસ્તાર ના નાગરિકોની મંજૂરી હોય પરંતુ વિકાસના નામે વૃક્ષ છેદન અને વોકળા બંધ કરવાની નીતિ રીતિ નો સામે અમારો ઉગ્ર વિરોધ છે. સબકા સાથ સબકા વિકાસ ની વાતો વચ્ચે લોકોના ઘરમાં વરસાદી પાણી ઘૂસી જાય એ રીતે વિકાસ અમારે નથી કરવો.

રાજકોટ મહાનગરપાલિકાનું રેઢિયાળ તંત્ર રાજકોટના જાગૃત નાગરિકોના વ્યાજબી સૂચનો અને લોકોની કરવામાં આવેલી લેખિત ફરિયાદોનો ઉલાળીયો કરે છે અને નાગરિક અધિકાર પત્રનો સરા જાહેર ઉલ્લંઘન કરે છે. કોર્પોરેટરોને પણ જવાબ આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવે છે. વૃક્ષ છેદન અને વોકળા પર બાંધકામના મુદ્દે મ્યુનિસિપલ કમિશનરને અને મહાનગરપાલિકાને સદબુધ્ધિ આપે તે માટે લતાવાસીઓ અને જાગૃત નાગરિક દ્વારા ૮૦ ફુટ રોડ નટેશ્વર ધામની સામે ધરણા નો કાર્યક્રમ યોજી વિરોધ પણ કરાયો હતો.

## બાપ્પાની ભક્તિ વિથ મોર્ડન વાઈબ્સ, Gen-Z માટે ભજન ક્લબિંગ-જામિંગ

# 22 ફુટ ઉંચા શાહી ગણપતિનું સુરતમાં થશે ભવ્ય આગમન

» ગુજરાતમાં પ્રથમવાર ગણેશોત્સવમાં મહિલાઓનાં નેતૃત્વ હેઠળ આયોજન

» 22 ફૂટની મૂર્તિનો શાહી શણગાર; સુરક્ષા માટે 110 કરોડનો વીમો લેવાયો





### પ્રથમવાર ગણેશોત્સવમાં મહિલાનું નેતૃત્વ

ગુજરાતમાં પહેલીવાર કોઈ મહિલા ગણેશોત્સવ મંડળનું નેતૃત્વ કરી રહી છે. મંડળના અધ્યક્ષ પૂજા પટેલે જણાવ્યું હતું કે, અમારો પ્રયાસ છે કે મહિલાઓ પણ આટલા મોટા આયોજનનું નેતૃત્વ કરી શકે. ૧૧ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભજન ક્લબિંગ અને જામિંગ જેવા નવતર પ્રયોગો કરાયા. યુવાનો પોતાના પરિવાર સાથે અહીં ઉત્સાહપૂર્વક જોડાય. સનાતન ધર્મમાં સેવા જ પરમો ધર્મ છે અને અમે એજ ભાવનાથી આયોજન કર્યું છે.



**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં આ વર્ષે ગુજરાતના સૌથી મોટા ગણેશોત્સવનું આયોજન કરાઈ રહ્યું છે. લોકમાન્ય તિલક ગણેશ ઉત્સવ મંડળ દ્વારા બાલર ફાર્મ ખાતે ૩.૬૦ લાખ સ્કવેર ફૂટના વિશાળ ગ્રાઉન્ડ પર ૬ કરોડથી વધુના ખર્ચે ભવ્ય મહોત્સવનું આયોજન કર્યું છે. ૨૨ ફૂટ ઊંચી ટિશ્યુ પેપરની ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા અને ૫૦ લાખના સોના-ચાંદીના ઘરેણાંથી શણગાર કરાશે.

આ ઉત્સવનું સૌથી મોટું આકર્ષણ યુવા પેઢી એટલે કે 'Gen-Z'ને ભારતીય સંસ્કૃતિ અને ભક્તિભાવ સાથે જોડવા ભજન ક્લબિંગ જેવા નવતર પ્રયોગ કરાયા. ૧૦ લાખ મુલાકાતીઓ અને પંડાલની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવા ૧૦૦થી ૧૧૦ કરોડનો વીમો પણ લેવામાં આવ્યો છે.

પર્યાવરણની સુરક્ષાના મેસેજ સાથે વેસુના પંડાલમાં ટિશ્યુ પેપરથી તૈયાર ૨૨ ફૂટ ઊંચી ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ સ્થાપિત કરાશે. રોયલ સિંહાસન પર બિરાજમાન બાપ્પાની મૂર્તિને ૫૦ લાખના ચાંદીના ઘરેણાં પર સોનાનું વરખ ચડાવીને અત્યંત નયનરમ્ય રીતે શણગાર કરાશે. ભક્તિની પવિત્રતા જળવાય અને પ્રકૃતિને નુકસાન ન પહોંચે તે માટે ગણેશ વિસર્જન પણ નદી કે દરિયામાં કરવાને બદલે બાલર ફાર્મના પંડાલ ગ્રાઉન્ડ પર જ કૃત્રિમ કુંડ બનાવીને કરાશે.

લોકમાન્ય તિલકના સામાજિક એકતાના વિચારોને આગળ વધારતાં આ ઉત્સવમાં સમાજની રક્ષા કરતાં પોલીસકર્મીઓનું Gen-Z યુવાઓ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત દિવ્યાંગ-અનાથ બાળકોની સેવા જેવા પ્રકલ્પોમાં તેમને સીધા સહભાગી બનાવવામાં આવશે. ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા ન સર્જાય તે માટે સ્વયંસેવકો તૈનાત રહેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભક્તિ, સામાજિક ઉત્તરદાયિત્વ અને આધુનિક યુવા સંસ્કૃતિના સુભગ સમન્વય તરીકે કરવામાં આવ્યું છે.

આટલા મોટા આયોજનમાં અણધારી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા મંડળ દ્વારા ૧૦૦થી ૧૧૦ કરોડની વીમા પોલિસી લેવામાં આવી છે. ઈન્શ્યોરન્સ કન્સલ્ટન્ટ જિગ્નેશ માધવાનીએ જણાવ્યું હતું કે, લોકમાન્ય ગ્રુપે આ મોહત્સવ માટે રિસ્ક કવર એપ્લાય કર્યું છે. ઓર્ગેનાઈઝર્સે સેફ્ટી બાબતે ખૂબ જ ગંભીરતા દાખવી લાયાબિલિટી ઈન્શ્યોરન્સ લીધો છે, જેથી કોઈ અકસ્માત કે દુર્ઘટના સર્જાય તો આયોજકો પર કાયદાકીય કે આર્થિક બોજ ન પડે.

# ગણેશોત્સવમાં પોલીસની ચાંપતી નજર, ડ્રોનથી થશે મોનિટરિંગ

## અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી

### સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ફોર્સ અને વિસર્જન રૂટ પર કડક સુરક્ષા વ્યવસ્થા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં આગામી ગણેશોત્સવ શાંતિપૂર્ણ, સલામત અને સૌહાર્દપૂર્ણ માહોલમાં યોજાય તે માટે પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં આજે(૧૧ સપ્ટેમ્બર) તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા અને જિલ્લા પોલીસ વડા સાથે વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. બેઠકમાં ગણેશ સ્થાપનાથી લઈને વિસર્જન સુધી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટેની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

ગણેશ સ્થાપના તેમજ વિસર્જન દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ ફોર્સ તૈનાત રાખવા સૂચના આપવામાં આવી છે. સાથે જ ભીડ નિયંત્રણ, ટ્રાફિક ડાયવર્ઝન અને રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલિંગની વ્યવસ્થા કરવા તમામ જિલ્લા અને શહેર પોલીસ તંત્રને આદેશ આપવામાં આવ્યો છે. વિસર્જન દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોવાથી પોલીસ દ્વારા અગાઉથી રૂટ અને ભીડ વ્યવસ્થાપનનું



આયોજન કરવામાં આવશે.

કાયદો-વ્યવસ્થા જાળવવા સ્થાનિક શાંતિ સમિતિઓ તથા ગણેશ મંડળોના આયોજકો સાથે બેઠકો યોજી પરસ્પર સંકલન વધારવા સૂચના આપવામાં આવી છે. મુખ્ય વિસ્તારો તેમજ ગણેશ વિસર્જનના સરઘસના રૂટ પર CCTV કેમેરા મારફતે સતત નજર રાખવામાં આવશે. જરૂરિયાત મુજબ ડ્રોનનો ઉપયોગ કરીને પણ સમગ્ર સ્થિતિનું મોનિટરિંગ કરવામાં આવશે.

ગણેશોત્સવ દરમિયાન સોશિયલ મીડિયા પર અફવા ફેલાવીને વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરનારા તત્વો સામે પોલીસ ખાસ નજર રાખશે. સોશિયલ મીડિયા પર ભ્રામક કે ઉશ્કેરણીજનક માહિતી ફેલાવીને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરનાર અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

સુરક્ષાના ભાગરૂપે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, ટીયર ગેસ તથા રાયોટ કંટ્રોલ સાધનો સાથે પોલીસ ટુકડીઓને સ્ટેન્ડબાય રાખવામાં આવશે. વિસર્જન રૂટ પર કોઈ પ્રકારનો અવરોધ ઊભો ન થાય તે માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવશે.



વિસર્જન દરમિયાન કોઈપણ ઈમરજન્સી સ્થિતિ સર્જાય તો તાત્કાલિક મદદ મળી રહે તે માટે ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ અને અન્ય ઈમરજન્સી સેવાઓ સાથે સંકલન સાધવા સૂચના આપવામાં આવી છે. સમગ્ર તહેવાર દરમિયાન જાહેર જનતાની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા રાજ્ય પોલીસ વડાએ અધિકારીઓને નિર્દેશ આપ્યા છે. પોલીસ તંત્ર દ્વારા ગણેશોત્સવ શાંતિ અને ભાઈચારાના માહોલમાં ઉજવાય તે માટે નાગરિકોને પણ પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# 9 ફૂટની પરવાનગી, 22.5 ફૂટની ગણેશ મૂર્તિ!

# અમદાવાદમાં આયોજક સામે પ્રથમ ગુનો

### ગત વર્ષે પણ આ જ આયોજકે મંજૂરી કરતાં મોટી મૂર્તિ સ્થાપતા ફરિયાદ થઈ હતી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે હરીવિલા ફ્લેટ નજીક જાહેર રોડ ઉપર ભગવાન ગણેશની ૨૨.૫૦ ફૂટની ઊંચી મૂર્તિની સ્થાપના કરવા બદલ આયોજક વિરુદ્ધ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ગત વર્ષે પણ આ જ જગ્યા પર ગણેશ સ્થાપના કરનાર આયોજક દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામા કરતા વધારે ઊંચાઈની મૂર્તિ લાવી સ્થાપના કરવામાં આવતા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે ફરી ચાલુ વર્ષે પણ ઊંચી મૂર્તિ લાવવામાં આવી હોવાને લઈ કૃષ્ણનગર પોલીસ દ્વારા સચિન કુમાવત નામના શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

બાપાસીતારામ ચોક પાસે આવેલા હરી વિલા



ફ્લેટના ગેટ પાસે રોડ પર મંડપ બાંધવામાં આવ્યો હતો અને ગણેશ મૂર્તિ સ્થાપના રાખવામાં આવી હતી. જેમાં ગણપતિની મૂર્તિ ૯ ફૂટ કરતા ઊંચી લાવવામાં આવેલી હતી. જેથી તપાસ કરતા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનથી ૮.૫ ફૂટ મૂર્તિની પરમિશન મેળવેલી હતી. જોકે તેની તપાસ કરતા મૂર્તિની ટ્રોલી સાથેની ઊંચાઈ ૨૨.૫ ફૂટની જણાઈ આવી હતી.


મૂર્તિની ઊંચાઈ તપાસતા ૪.૫ ફૂટની ટ્રોલી અને ૧૧ ફૂટ ગણેશજીની મૂર્તિ હતી અને મૂર્તિની પાછળ મુગટના ઉપરના ભાગે ૭ ફૂટ શંકર ભગવાનનું ફાઈબરનું સ્ટ્રકચર પણ મળી આવ્યું હતું. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ પીઓપીની પાંચ ફૂટ અને માટીની ૯ ફૂટથી વધારે ઊંચાઈની મૂર્તિ બેઠક સાથે ન હોવી જોઈએ. તેમ છતાં પણ ખૂબ મોટી મૂર્તિ લાવી સ્થાપના કરતા પોલીસે આયોજક સચિન કુમાવત વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ બાપા સીતારામ ચોક પાસે હરી વિલા ફ્લેટ નજીક ખૂબ મોટી મૂર્તિ લાવવામાં આવી હતી.

### સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# સર્વેશ્વર ચોકમાં રજવાડી થીમમાં ગણેશોત્સવવનું જાજરમાન આયોજન




## ધાર્મિક કાર્યક્રમોની સાથે જરૂરિયાતમંદો માટે જમણવાર અને વૃધ્ધો માટે ભોજન સેવા સહીતના સામાજિક આયોજનોનું જાજરમાન આયોજન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ગણેશોત્સવને લઈને ભકતોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહયો છે. ત્યારે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૧૦ મા વર્ષમાં પ્રવેશ નિમિતે ગણપતિ મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી નું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે અવનવી વિશિષ્ટ થીમ સાથે વિઘ્નહર્તા દેવની સ્થાપના કરવાની પરંપરાને જાળવી રાખીને, ગયા વર્ષની રામ મંદિરની સફળ થીમ બાદ આ વર્ષે આકર્ષક રજવાડી થીમ તૈયાર કરવામાં આવી રહી છે, જે શહેરના ધર્મપ્રેમી ભકતો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.આ ભવ્ય આયોજન અંગે માહિતી આપતા સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, ૧૧ દિવસીય મહોત્સવ દરમિયાન દર્શનની સાથે સાથે વિવિધ ધાર્મિક અને સામાજિક સેવાકીય પ્રવૃતિઓ પર ભાર મુકવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા સ્વચ્છતા ઝુંબેશની સાથે જરૂરિયાતમંદ લોકો માટે મહાપ્રસાદ અને વૃધ્ધ વડીલો માટે વિશેષ ભોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આમ, ગણેશોતસવને માત્ર ધાર્મિક પર્વ પુરતો મર્યાદિત ન રાખતા માનવસેવા અને સામાજિક ઉતરાદાયિત્વનો સુંદર સંદેશ આપવાનો સરાહનીય પ્રયાસ કરાયો.મહોત્સવ દરમ્યાન દરરોજ સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિજેતા થનાર ઉત્સાહી ભાગીદારો માટે ઈનામ વિતરણ પણ યોજાશે. સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધર્મપ્રેમી જનતાને પરિવાર સાથે પધારી ગણપતિ દાદાના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સતત 18માં વર્ષે ભૂદેવ સેવા સમિતિ દ્વારા

# ‘રાજકોટ કા મહારાજા’નું જાજરમાન આયોજન

### ગણપતિ દાદા અને મા દુર્ગા માતાજીની ઈકો ફ્રેન્ડલી મુર્તિ સોમવારે સાંજે ૫.૦૦ કલાકે સ્થાપન કરાશેઃ તા.૧૪ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર સુધી દુંદાળા દેવની પુજા-અર્ચના, રાત્રે ૮.૦૦ વાગ્યે દરરોજ મહાઆરતી કરવામાં આવશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભૂદેવ સેવા સમિતિ દ્વારા દર વર્ષની જેમ સતત અઢારમાં વર્ષે ડો.યાજ્ઞીક રોડ, જાગનાથ પોલીસ ચોકી પાસે છેલ્લા સતર વર્ષથી થતા ભવ્ય જાજરમાન ’રાજકોટ કા મહારાજા’ નું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષેની જેમ આ વર્ષે પણ ભવ્ય ઈકોફ્રેન્ડલી ગણપતિ દાદ અને મા દુર્ગા માતાજીનું સ્થાપન કરવામાં આવશે.ભૂદેવ સેવા સમિતિના સ્થાપક તેજસ ત્રિવેદી જણાવે છે કે આજરોજ ભાદરવા સુદ ચોથના રોજ સોમવારે સાંજના ૪.30 વાગ્યે ઈક્કો ફ્રેન્ડલી ’રાજકોટ કા મહારાજા’ ગણપતિજીની ઝાંખી શ્રધ્ધાળુઓને કરાવશે. સાંજના ૫.00 વાગ્યે ગણપતિજીની મૂર્તિની પ્રતિષ્ઠા સમયે પ્રખર અને વિશ્વાન શાસ્ત્રીશ્રીજીઓ દ્વારા શુભ મુહુર્તમાં વૈદિક મંત્રોચ્ચાર, પુજા, અર્ચના કરવામાં આવશે અને ગણપતિ બાપા મોરીયાના નાદ સાથે પધરામણી કરવામાં આવશે.ભાદરવા સુદ-૪ ને સોમવાર તા. ૧૪/૦૯/૨૦૨૬ - ગણપતિજીની સ્થાપના તેમજ સાંજે ૭.00 કલાકે સંસ્થાની વેબસાઈટ લોન્ચીંગ, તા. ૧૫/૦૯/૨૦૨૬ - મંગળવાર સાંજે ૭.00 કલાકે બાળકો માટે કલે આર્ટ / પેઈન્ટીંગ તેમજ રાત્રીના ૯.00 કલાકે ગણેશ અથર્વશીર્ષ પાઠ, તા. ૧૬/૦૯/૨૦૨૬ - બુધવાર સાંજે ૭.00 કલાકે સ્ટોરી ઓફ ગોડ (૨ મીનીટ) તેમજ રાત્રીના ૯.00 કલાકે બ્લડ ડોનેશન/સર્વરોગ નિદાન કેમ્પ, તા. ૧૭/૦૯/૨૦૨૬ - ગુરૂવાર સાંજે ૭.00 કલાકે કંઠસ્થ શ્લોક સ્પર્ધા તેમજ રાત્રીના ૯.00 કલાકે દત્તબાવનીના પાઠ, તા. ૧૮/૦૯/૨૦૨૬ શુક્રવાર સાંજે ૭.00 કલાકે સ્ટ્રીટ ગેમ્સ તેમજ રાત્રીના ૯.00 કલાકે ભકિત સંગીત સંધ્યા, તા. ૧૯/૦૯/ ૨૦૨૬ - શનિવાર સાંજે ૭.00 કલાકે લુડો / ચેસ સ્પર્ધા તેમજ રાત્રીના ૯.00 કલાકે હનુમાન ચાલીસાના પાઠ, તા. ૨૦/૦૯/૨૦૨૬ - રવિવાર સાંજે ૭.00 કલાકે હેલ્ધી બેબી કોમ્પીટીશન તેમજ રાત્રીના ૯.00 કલાકે વડેલ વંદના, તા. ૨૧/૦૯/૨૦૨૬ - સોમવાર સાંજે ૭.00 કલાકે બાળકો માટે ડાન્સ સ્પર્ધા તેમજ રાત્રીના ૯.00 કલાકે અન્નકુટ દર્શન, તા. ૨૨/૦૯/૨૦૨૬ - મંગળવાર સાંજે ૭.00 કલાકે બાળકો માટે મ્યુઝીકલ ચેર તેમજ રાત્રીના ૯.00 કલાકે ૧૦૮ દિવડાની મહાઆરતી, તા. ૨૩/૦૯/ ૨૦૨૬ - બુધવાર સાંજે ૫.00 કલાકે સત્યનારાયણ ભગવાનની કથા, તા. ૨૪/૦૯/૨૦૨૬ - ગુરૂવાર રાત્રીના ૯.00 કલાકે ડાંડીયા રાસ, તા. ૨૫/૦૯/૨૦૨૬ - શુક્રવાર સવારના ૭.00 કલાકે વિર્સજન યાત્રા આ વર્ષે શ્રધ્ધાળુઓ ’રાજકોટ કા મહારાજા’ ની મહા આરતી દરરોજ રાત્રીના ૮.00 વાગ્યે કરવામાં આવશે. આ મહાઆરતી દરરોજ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટયુબના સોશ્યલ મીડીયાના માધ્યમથી ઘરે નિહાળી શકાશે.’રાજકોટ કા મહારાજા’ગણેશના ઉત્સવને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ તેજસ ત્રિવેદી (મો.નં. ૯૯૦૪૦ ૦૪૮૩૮) ના માર્ગદર્શન હેઠળ ભૂદેવ સેવા સમિતિની ટીમ વિશાલ ઉપાધ્યાય, ઉદીત વોરા, મીત ભટ્ટ, મોહિત વ્યાસ, જીતેન શુકલ, ધ્રુવ ભટ્ટ, દિલીપ જાની, મયુર વોરા, જયોતિન્દ્ર પંડયા, ચિરાગ ઠાકર, પરાગ મહેતા, વિરલ જોશી, અર્જુન શુકલ, ચેતન દુસરા, વિશાલ આહ્યા, નિશાંત રાવલ, માનવ વ્યાસ, દિપક જયસ્વાલ, ભરત દવે, વિકી ઠાકર, જય જોષી, જય રાવલ, પ્રશાંત ઓઝા, સંદિપ પંડયા, ચેતન જોષી, અલ્પેશ જોષી, જયદીપ રાવલ, ભાવેશ વાઢેર, ધીરેન કથરેચા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.




**આવી ગઈ છે શાહી સવારી ગણપતિ બાપા મોરીયા ડો. યાજ્ઞીક રોડ, જાગનાથ પોલીસ ચોકી સામે આયોજન**


### સતત 7માં વર્ષે ઢોલ-નગારા અને ડીજેના તાલે ગણેશજીનું ભવ્ય સ્વાગત થશે

# સોમનાથ કા રાજા ગણેશ મહોત્સવનો ભવ્ય પ્રારંભ

## રૈયા રોડ ખાતે 14થી 21 સપ્ટેમ્બર સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો અને અન્નકૂટ દર્શન યોજાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલ નિલકંઠ ડેરી સામે, સોમનાથ સોસાયટી મેઈન રોડ ખાતે આગામી ૧૪ September થી ૨૧ September સુધી 'સોમનાથ કા રાજા' ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સનાતન ધર્મના આ પાવન પર્વને સોમનાથ સોસાયટીના રહીશો તથા સોમનાથ યુવા ગ્રુપ છેલ્લા ૬ વર્ષથી અત્યંત ઉત્સાહભેર ઉજવી રહ્યા છે, ત્યારે આ વર્ષે ૭માં વર્ષે પણ ૭ દિવસ સુધી લોકલાડીલા ગણેશજીની આરાધના ધામધૂમથી કરવામાં આવશે. આ મહોત્સવ અંતર્ગત ૧૪ September ૨૦૨૬, સોમવારના રોજ નિર્ધારિત શુભ મુહૂર્તમાં સવારે ૧૧:00 થી બપોરે ૨:૧૫ વાગ્યા દરમિયાન બાપ્પાનું ઢોલ, બેન્જો પાર્ટી તથા ડીજેના



સૂર સાથે વાજતે-ગાજતે આગમન થશે. ઉત્સવ દરમિયાન દરરોજ સવારે અને સાંજે ગણપતિ દાદાની ભવ્ય પૂજા તથા મહાઆરતી યોજાશે, જેમાં સોસાયટીના રહીશો યજમાન પદે બેસી ધન્યતા અનુભવશે. આ ઉપરાંત ભક્તો માટે બાપ્પાનો સુશોભિત પંડાલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. મહોત્સવના દિવસો દરમિયાન રાત્રિના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે એક વિશેષ દિવસે ગણેશજીને છપ્પનભોગનો અન્નકૂટ ધરાવાશે અને મહાઆરતી યોજાશે. ૭ દિવસના ઉત્સવની પૂર્ણાહુતિ બાદ ૨૧ Septemberના રોજ નાસિક ઢોલ અને ડીજેના તાલે ભવ્ય વિદાય રેલી યોજી બાપ્પાનું વિસર્જન કરવામાં આવશે.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સોમનાથ યુવા ગ્રુપના રચિતભાઈ રઘુવંશી, રાજભાઈ વારા, ભવ્યભાઈ ત્રિવેદી, શુભમભાઈ બોરીસાગર, દિપભાઈ નકુમ, માનવભાઈ નકુમ, પ્રિન્સભાઈ નળિયાપરા, નૈતિકભાઈ નળિયાપરા, ધવલભાઈ સોલંકી, જૈનિશભાઈ પાણખાણીયા તથા જૈનિશભાઈ બૂશા સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. આયોજકોએ રાજકોટની ધર્મપ્રેમી જનતાને દર્શન તથા આરતીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# મોરબીના સંગઠક અને વિકાસના પ્રણેતા ઋષિપ એન કૈલાનો જન્મદિન



મોરબી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ  તેમજ મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન ઋષિપભાઈ એન. કૈલાને જન્મદિવસે જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. મોરબીમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવા માટે તેમણે કરેલું પાયાનું કાર્ય અને કાર્યકરો સાથેનો તેમનો આત્મીય નાતો હંમેશાં પ્રેરણારૂપ રહ્યો છે. પોતાના સરળ સ્વભાવ અને સંગઠન કૌશલ્યથી તેમણે લોકોના દિલમાં આગવી ઓળખ ઊભી કરી છે. હાલમાં મોરબી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ચેરમેન તરીકે તેઓ શહેરના આધુનિક વિકાસ, વ્યવસ્થિત ટાઉન પ્લાનિંગ અને સુદઢ માળખાગત સુવિધાઓના નિર્માણમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. 'સિરામિક સિટી' મોરબી ભવિષ્યની જરૂરિયાતો મુજબ વધુ વિકસિત અને સ્માર્ટ બને તે દિશામાં તેમનું વિઝન અને નિષ્ઠાવાન પ્રયાસો સરાહનીય છે. ઋષિભાઈ કૈલાને તેમના મિત્રો અને મિત્ર વર્તુળો દ્વારા તેમના મો. ૯૮૨૫૨ ૨૪૫૦૯ પર શુભકામનાઓ મળી રહી છે

## કાલાવડ રોડ ચમત્કારિક ધામ કા રાજાનો ગણેશપતિ દાદાનું ભવ્ય આગમન

કાલાવાડ રોડ શ્રી ચમત્કારિક ધામ ચોક ખાતે તા.૧૪થી ૨૫મી સપ્ટેમ્બર સુધી ૧૭મો ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે જેમાં કાલે તા.૧૨ને શનિવારે રાત્રે ૯.00 કલાકે ગણપતિદાદાના આગમનની શોભાયાત્રા યોજાશે. શ્રી ચમત્કારીક ધામ કા રાજા ગણેશ મહોત્સવમાં તા.૧૪નાં સાંજે ૭.30 કલાકે પૂ.સ્વામી પરમાત્માનંદ સરસ્વતીનાં વરદ હસ્તે દીપ પ્રાગટય આશિર્વચન સાથે ગણેશ મહોત્સવનો પ્રારંભ કરાશે. તા.૧૫નાં રોજ બપોરે ૪થી૬ શાસ્ત્રી પરેશભાઈ ભટ્ટના શ્રીમુખે સત્યનારાયણ કથા, તા.૧૬ સાંજે ૫થી૭ છપ્પનભોગ દર્શન, તા.૧૭ ભજનીક સંજય ભટ્ટ દ્વારા રામધુન હનુમાન ચાલીશા પાઠ, તા.૧૮નાં રોજ રાત્રે ૮થી૧૦ બ્લડ ડોનેશન કેમ્પ તા.૧૯નાં રાત્રે ૯થી૧૨ સુંદરકાંડના પાઠ, નિવૃત આર્મીમેનના હસ્તે મહાઆરતી, તા.૨૦ના રાત્રે ૮થી૧૦ સિંગર રાજેશ્વરીબા જાડેજા સંગાથે રાસ-ગરબાની રમઝટ, તા.૨૧ રાત્રે ૮થી૧૦ ઈસ્કોન મંદિરના વૈષ્ણવ સેવાદાસ પરિવાર દ્વારા સંત કીર્તન, તા.૨૨ સવારે ૯થી૧૨ ૧૦૦૮ લાડુનો શ્રી ગણેશ યાગ, તા.૨૩ રાત્રે ૮થી૧૦ લાઈવ ગેમ અન્ય સ્પર્ધા, તા.૨૪નાં રાત્રે તલવાર બાજી રાસ (આત્મન હોબી સેન્ટર) તો.૨૫ને શુક્રવારે સવારે ૧૦ કલાકે ગણેશ મહોત્સવની સમાપન સાથે વાજતે ગાજતે વિસર્જન કરાશે.

### મહાવીર સ્વામીના જીવનથી માંડીને કાળચક્રના રહસ્યો ઉજાગર કરતો પવિત્ર ગ્રંથ

# કલ્પસૂત્રનું અનોખું મહત્ત્વઃ જૈન શાસનનો અમૂલ્ય ઐતિહાસિક દસ્તાવેજ




## ચોવીસ તીર્થંકરોનો ગર્ભકાળ

» શ્રી ઋષભદેવ પ્રભુ (૯ મહિના ચાર દિવસ)
» શ્રી અજિતનાથ પ્રભુ (૮ મહિના ૨૫ દિવસ)
» શ્રી સંભવનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ)
» શ્રી અભિનંદન પ્રભુ (૮ મહિના ૨૮ દિવસ)
» શ્રી સુમતિનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ)
» શ્રી પદ્મપ્રભુ (૯ મહિના ૬ દિવસ)
» શ્રી સુપાર્શ્વનાથ ભગવાન (૯ મહિના ૧૯ દિવસ)
» શ્રી ચંદ્રપ્રભસ્વામી (૯ મહિના ૭ દિવસ)
» શ્રી સુવિધિનાથ સ્વામી (૮ મહિના ૨૬ દિવસ)
» શ્રી શીતલનાથ પ્રભુ(૯ મહિના, ૬ દિવસ)
» શ્રી શ્રેયાંસનાથ સ્વામી (૯ મહિના ૬ દિવસ)
» શ્રી વાસુપૂજ્ય સ્વામી (૮ મહિના ૨૦ દિવસ)
» શ્રી વિમલનાથ ભગવાન (૮ મહિના ૨૧ દિવસ)
» શ્રી અનંતનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ)
» શ્રી ધર્મનાથ સ્વામી (૮ મહિના ૨૬ દિવસ)
» શ્રી શાંતિનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ)
» શ્રી કુંથુનાથ ભગવાન (૯ મહિના ૫ દિવસ)
» શ્રી અરનાથ પ્રભુ (૯ મહિના ૮ દિવસ)
» શ્રી મલ્લિનાથ પ્રભુ (૯ મહિના ૭ દિવસ)
» શ્રી મુનિસુવ્રત સ્વામી (૯ મહિના ૮ દિવસ)
» શ્રી નમિનાથ ભગવાન (૯ મહિના ૮ દિવસ)
» શ્રી નેમનાથ ભગવાન (૯ મહિના ૮ દિવસ)
» શ્રી પાર્શ્વનાથ પ્રભુ (૯ મહિના ૬ દિવસ)
» શ્રી મહાવીર સ્વામી (૯ મહિના સાડા સાત દિવસ)

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કલ્પસુત્ર એ જૈન ધર્મનો મહત્વનો ગ્રંથ ગણાય છે, એ જૈનધર્મના આગમોનો સાર નથી, તેમ છતાં એ આગમગ્રંથ જેટલો મહિમા પામ્યો છે. પર્યુષણ પર્વ દરમિયાન સાધુ-ભગવંતો એનું વાચન કરતા હોય છે. કલ્પસૂત્ર સ્વયં એક ગ્રંથ નથી, પરંતુ ગ્રંથનો એક ભાગ છે. આચાર્ય ભદ્રબાહુસ્વામીએ રચેલા દશ અધ્યયન ધરાવતા દશાશ્રુતસ્કંધ નામના ગ્રંથનું આ આઠમું અધ્યન છે. આને પજ્જોસણા કલ્પ અથવા તો પર્યુષણા કલ્પ કહેવામાં આવે છે. સમયાંતરે એ કલ્પસૂત્ર તરીકે પ્રસિદ્ધ થયું. એની રચના આજથી ૨૨૨૯ વર્ષ પૂર્વે થઈ. પર્યુષણના દિવસોમાં કલ્પસૂત્રના નવ વ્યાખ્યાન વાંચવામાં આવે છે. છેલ્લો આઠમો દિવસ એ સંવત્સરી મહાપર્વનો છે. એ દિવસે બારસાસૂત્રનું વાચન થાય છે.

કલ્પસૂત્રનું લખાણ બસો એકાણું કંડિકા છે અને તેનું માપ બારસો કે તેથી વધુ ગાથા કે શ્લોક પ્રમાણ જેટલું છે. કલ્પસૂત્રના સળંગ વાંચનથી કોઈ વંચિત રહી ગયું હોય છેલ્લા દિવસે સમગ્ર બારસાસૂત્રના શ્લોકો વાંચવામાં આવે છે. અદાલતમાં ધર્મગ્રંથના નામે સોગંદ લેવામાં આવે છે. એ રીતે જૈનધર્મના ગ્રંથ કલ્પસૂત્રને નામે સોગંદ લેવામાં આવે છે.

જૈન શાસન જયવન્તુ વર્તો !! કલ્પતરુ સમાન કલ્પસૂત્રની દસ વિશેષતાઓ કલ્પસૂત્રમાં આલેખાયેલા તીર્થંકરોના નિર્વાણકાળને સમજવા માટે કાળચક્ર જાણવું જરૂરી છે. આ કાળચક્રના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ એવા બે વિભાગ છે કોઈપણ ધર્મ એની આગવી પરંપરા ધરાવતો હોય છે. જૈન ધર્મનાં સાધુ-સાધ્વીઓના આચારપાલન અને એથી ય વિશેષ તીર્થંકરોનું ચરિત્રએ એનો પાયો છે. ધર્મની સમગ્ર ઇમારતીના પાયાની પહેચાન એટલે કલ્પસૂત્ર ગ્રંથ. એ મૂળભૂત તત્ત્વો અને મર્મોની ઓળખ પ્રાપ્ત થાય પછી જ ધર્મપ્રવેશ શક્ય બને. આથી કલ્પસૂત્ર ગ્રંથ જેમ અધ્યાત્મનાં ઉચ્ચ શિખરોની ઝાંખી કરાવે છે, એ જ રીતે એમાં જ્ઞાન અને ઉપદેશનો સાગર લહેરાય છે. કલ્પસૂત્ર એ આચાર ગ્રંથ હોવાથી એમાં સાધુઓ અને શ્રાવકોને માટે જાગૃતિપૂર્ણ આચારનું આલેખન, ગહન ઉપદેશ અને ઊંડી માહિતી પ્રાપ્ત થાય છે. આમાંથી થોડી વિગતો પર દ્રષ્ટિપાત કરીએ. પહેલી વિશેષતા એ છે કે સ્વપ્નપાઠકો ત્રિશલામાતાને આવેલાં સ્વપ્નોનું રહસ્ય પ્રગટ કરતાં પૂર્વે સ્વપ્ન શાસ્ત્રમાં આલેખાયેલાં ૭૨ પ્રકારનાં સ્વપ્નો વિશે વાત કરીને ભૂમિકા બાંધે છે. આમાં ત્રીસ સ્વપ્નો ઉત્તમ ફળને આપનારાં કહ્યાં છે. આ ત્રીસ સ્વપ્નો છે (૧) અર્હન્, (૨) બોદ્ધ, (૩) હરિકૃષ્ણ, (૪) શંભુ, (૫) બ્રહ્મા (૬) સ્કંદ, (૭) ગણેશ, (૮) લક્ષ્મી, (૯) ગૌરી, (૧૦) નૃપ, (૧૧) હસ્તી, (૧૨) ગૌ, (૧૩) વૃષભ, (૧૪) ચંદ્ર, (૧૫) સૂર્ય, (૧૬) વિમાન, (૧૭) ગેહ, (૧૮) અગ્નિ, (૧૯) સ્વર્ગ, (૨૦) સમુદ્ર, (૨૧) સરોવર, (૨૨) સિંહ, (૨૩) રત્નરેલ, (૨૪) ગિરિ, (૨૫) ધ્વજ, (૨૬) પૂર્ણઘટ, (૨૭) પુરીષ, (૨૮) માંસ, (૨૯) મત્સ્ય અને (30) કલ્પવૃક્ષ. બીજી વિશેષતા એ કે કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના જીવનચરિત્રમાંથી કેટલીક વિશિષ્ટ માહિતી જોઈએ. તેમના વંશનું નામ જ્ઞાતૃવંશ હતું અને ગોત્ર કાશ્યપ હતું. એમના કાકાનું નામ સુપાર્શ્વ અથવા સુપથ્ય હતું. મોટા ભાઈનું નામ નંદીવર્ધન, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના, બહેનનું નામ સુદર્શના, જમાઈનું નામ જમાલિ અને મામાનું નામ ચેટક (ચેડા રાજા) હતું.

ત્રીજી બાબત એ છે કે કલ્પસૂત્રમાં આલેખાયેલા તીર્થંકરોના નિર્વાણકાળને સમજવા માટે કાળચક્ર જાણવું જરૂરી છે. આ કાળચક્રના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ એવા બે વિભાગ છે. દરેક કાળનો સમય દસ ક્રોડાક્રોડી સાગરોપમ છે. એક કાળચક્ર વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું થાય. ઉત્સર્પિણી અને અવસર્પિણી વારાફરતી આવ્યા કરે છે. ઉત્સર્પિણીકાળના છ આરા અને અવસર્પિણીકાળના છ આરા એમ કુલ બાર આરા થાય. ઉત્સર્પિણીકાળમાં આયુષ્ય, બુદ્ધિ, ઊંચાઈ, બળ, ધર્મ વગેરે વધતાં જાય, જ્યારે અવસર્પિણીકાળમાં એ બધાં જ ઉત્તરોત્તર ઘટતાં જાય. અત્યારે ભરતક્ષેત્રમાં અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે.પાંચમી વાત એ છે કે શ્રી પાર્શ્વપ્રભુ 30 વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. વૈશાખ વદ ૧૧ના દિવસે વિશાખા નામની પાલખીમાં બેસીને પંચમુષ્ટિ લોચ કર્યો. એ સમયે તેઓને અઠ્ઠમનું તપ હતું. એમણે ત્રણસો પુરુષો સાથે દીક્ષા લીધી અને એ જ વખતે મન પર્યવ જ્ઞાન પ્રગટ થયું. શ્રી પાર્શ્વપ્રભુએ છદ્મસ્થપણે ૮૪ દિવસની સાધના કરી.

**સંકલન**
**જયેશ સંઘાણી**
**94282 00520**

# પર્યુષણ પર્વનો આજે પાંચમો દિવસ

રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં

## ઘાટકોપરમાં 11 હજાર ભાવિકો કરશે સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણ

**પરમ ગુરુદેવ ક્ષમાપનાના ગહન આધ્યાત્મિક ભાવ પર આપશે વિશેષ પ્રવચનઃ બપોરે બંધ આંખે અંતરની આલોચના**



સિટી ન્યૂઝ@રાજકોટ

પર્યુષણ મહાપર્વ એટલે આત્મશુદ્ધિ, આત્મનિરીક્ષણ અને ક્ષમાભાવનાની સાધનાનું પાવન પર્વ. આ જ ભાવનાને કેન્દ્રમાં રાખીને મંગળવાર, તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઘાટકોપરમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યમાં અને ઘાટકોપરમાં બિરાજિત સર્વ સંત સતીજીઓના આશીર્વાદથી અનેક આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ પાવન અવસરે સવારે ૮:30 વાગે પરમ ગુરુદેવ ફોરગીવનેસ એટલે કે ક્ષમાપના વિષય પર વિશેષ પ્રવચન દ્વારા બોધ આપશે. ક્ષમા એટલે માત્ર માફ કરી દેવું નહીં, પરંતુ અંતરમાં સંઘરાયેલા રાગ, દ્વેષ, અહંકાર અને કડવાશને ઓગાળીને સંબંધોમાં પ્રેમ અને હૃદયમાં નિર્મળતા પ્રગટાવવાનો આધ્યાત્મિક માર્ગનો બોધપાઠ કેન્દ્રમાં હશે.આ પ્રસંગે બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન બંધ આંખે અંતરની આલોચનાનો એક વિશેષ કાર્યક્રમ યોજાશે. જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના શ્રીમુખેથી પોતાના અનંત ભવોની આલોચના કરી, દેશ-વિદેશમાં લાખો ભાવિકો શ્રાવક દીક્ષા અંગિકાર કરી આ દુર્લભ માનવ ભવને સાર્થક કરશે.ત્યારબાદ સાંજે ૬:30 કલાકે ભવ્ય સામૂહિક સંવત્સરી પ્રતિક્રમણ યોજાશે. જેમાં ૧૧,૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓ અને ભાવિકો એકસાથે પ્રતિક્રમણ કરીને પોતાના અપરાધો અને ભૂલો માટે ક્ષમાયાચના કરશે તથા પરસ્પર ક્ષમાભાવ કેળવશે. આ અવસરે ૧૧,૦૦૦ ભાવિકોના હૃદયમાંથી એકસાથે ગુંજતું મિચ્છામિ દુક્કડમ્ ક્ષમા અને આત્મશુદ્ધિની સામૂહિક ભાવનાનું દિવ્ય વાતાવરણ સર્જશે.સમસ્ત ઘાટકોપર સ્થાનકવાસી જૈન સંઘ, જૈન જાગૃતિ સેન્ટર, કાઠિયાવાડી સમાજ એવમ્ ઝાલાવાડ સમાજના સહયોગથી યોજાનારો આ કાર્યક્રમ સંવત્સરીના મૂળ સંદેશ પોતાની ભૂલનો સ્વીકાર, સૌની ક્ષમાયાચના અને સૌને હૃદયપૂર્વક ક્ષમાને જીવંત કરતો એક વિશિષ્ટ આધ્યાત્મિક પ્રસંગ બની રહેશે.

રાજકોટમાં પર્યુષણનો ભક્તિભાવ

## અજરામર સંઘમાં 11 લાખની ઐતિહાસિક ઉછામણી થઈ હતી

**સરલાબેન શાંતિલાલ શાહ પરિવારે પારણાનો લાભ લીધો, પાંચ તપસ્વીઓ સિદ્ધિતપમાં જોડાયા**





સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ સ્થિત અજરામર સ્થાનકવાસી જૈન સંઘમાં પર્યુષણ મહાપર્વના પth દિવસે 'ત્રિશલાનંદન વીર કી, જય બોલો મહાવીર કી...'ના ગગનભેદી જયઘોષ વચ્ચે પ્રભુ મહાવીર સ્વામી જન્મ વાંચન મહોત્સવ ભારે હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય સાધના સમ્રાટ ગુરુદેવ ભાવચંદ્રજી સ્વામીની પાવન નિશ્રામાં આયોજિત આ ધર્મોત્સવમાં ૧૪ પાવનકારી સુપનની ઉછામણીમાં શ્રાવક-શ્રાવિકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં કુલ ૧૧ Lakhs રૂપિયાની ઉછામણી નોંધાઈ હતી.

આ પાવન અવસરે પ્રભુના પારણાનો ઉત્તમ લાભ માતૃશ્રી સરલાબેન શાંતિલાલ શાહ પરિવારે લીધો હતો. વિશેષ આનંદની વાત એ છે કે આ પરિવારના ૫ સભ્યો આ વર્ષે સિદ્ધિતપની આકરી આરાધનામાં જોડાયા છે. આ ઉપરાંત રત્ન રાશિનો લાભ રેખાબેન હરેશભાઈ દફતરી પરિવારે અને પદ્મ સરોવરનો લાભ સુધાબેન મધુક ખંધાર પરિવારે ઉચ્ચતમ બોલી બોલીને પ્રાપ્ત કર્યો હતો. કલ્પસૂત્રની પાવન પોથી વ્હોરાવવાનો લહાવો કંકુ મહિલા મંડળે લઈ ધન્યતા અનુભવી હતી.

ધર્મોત્સવ દરમિયાન તપ-આરાધનાનો અદભુત સંયોગ સર્જાયો હતો. સંઘમાં ૩૫ સિદ્ધિતપ સાથે ૪૫ ઉપાસના આરાધક કેતનભાઈ દેઢિયાએ ઉપસ્થિત રહીને પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા હતા. આ ઉપરાંત નાના-મોટા અનેક ભાવિકો ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૩૦ ઉપવાસ અને નવાઈ-અઠ્ઠાઈ જેવા આકરા તપમાં જોડાયા છે, જેનાથી સમગ્ર સ્થાનક પરિસર તપોભૂમિમાં પરિવર્તિત થઈ ગયું હતું. કાર્યક્રમમાં સંઘના ટ્રસ્ટીઓ કમલેશભાઈ શાહ, કિરીટભાઈ સંઘવી, નરેશભાઈ ખંધાર સહિતના અગ્રણી પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સંઘજનો ઉપસ્થિત રહ્યા હતા. પર્યુષણના આ પાવન દિવસોમાં સૌ આરાધકો તન, મન અને ધનથી જોડાઈને ચતુર્માસ દરમિયાન જૈન શાસનની પ્રભાવના અને આત્મકલ્યાણ કરી રહ્યા છે.




# અંબાજી મંદિરમાં 5 મીટરથી મોટી ધજા ચઢાવી શકાશે નહીં



## કોરિડોરની ચાલી રહેલી કામગીરીના કારણે જગ્યાનો અભાવ હોવાથી મંદિર ટ્રસ્ટ દ્વારા અપાઈ સૂચના

**સિટી ન્યૂઝ@અંબાજી**

પ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના સુપ્રસિદ્ધ મહામેળાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે લાખો માઈભક્તો અને પદયાત્રી સંઘો માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા શિખર ધ્વજા તેમજ રથ-માંડવી અંગે અત્યંત મહત્વના દિશાનિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે. સુરક્ષા અને વહીવટી સરળતાને ધ્યાને રાખીને આ વર્ષે મંદિરના પવિત્ર શિખર પર માત્ર ૫ મીટર સુધીની લંબાઈ ધરાવતી ધજા જ ચઢાવવાની પરવાનગી આપવામાં આવશે.

અંબાજી મંદિર ટ્રસ્ટના અધિક કલેક્ટરે આ અંગે વિસ્તૃત વિગતો આપતાં જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમના મેળા દરમિયાન વિવિધ જિલ્લાઓ અને રાજ્યોમાંથી આવતા સંઘો ઘણી વખત વિશાળ કદની ધજાઓ લઈને આવતા હોય છે. પરંતુ તકનીકી અને વ્યવસ્થાપકીય કારણોસર મંદિરના મુખ્ય શિખર પર ૫ મીટરથી વધુ લાંબી ધજા ચઢાવી શકાશે નહીં. જે સંઘો કે પદયાત્રીઓ ૫ મીટર કરતાં મોટી ધજા લાવશે, તેમની ધજા શિખરે ચઢાવવાના બદલે આદરપૂર્વક માતાજીના મંદિર પરિસરમાં રાખવામાં આવશે. આવા સંઘોએ શિખર પર ધ્વજારોહણ કરવા માટે મંદિર ટ્રસ્ટ પાસેથી નિયત ૫ મીટરની પ્રમાણિત ધજા પ્રાપ્ત કરવાની રહેશે.

આ તમામ ભાવિકોને વહીવટી તંત્ર દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના વતનથી યાત્રા શરૂ કરતી વખતે જ ૫ મીટરના નિયત માપવાળી ધજા સાથે રાખે જેથી અંબાજી પહોંચ્યા બાદ કોઈ મુશ્કેલી ન સર્જાય.

આ ઉપરાંત, અંબાજી ખાતે હાલમાં મા અંબાના ભવ્ય કોરિડોરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેના કારણે મંદિર પરિસર અને આસપાસના માર્ગો પર ખુલ્લી જગ્યા ઓછી ઉપલબ્ધ છે. પદયાત્રીઓ દ્વારા લાવવામાં આવતા માતાજીના સુશોભિત રથ તેમજ માંડવીઓને મંદિર પરિસર સુધી લાવવાને બદલે યાત્રિકોએ પોતાના નિયત ઉતારા કે ધર્મશાળા પર જ રાખવાની કડક સૂચના આપવામાં આવી છે.

# તરણેતર મેળો શરૂ



## તરણેતરના મેળાની ઓળખ સમાન વિશેષ રંગબેરંગી છત્રીઓઃ થાનગઢના દરજી પરિવારે કળા જીવંત રાખી



**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં યોજાતા જગવિખ્યાત તરણેતર મેળાનું સૌથી મોટું આકર્ષણ ત્યાંની રંગબેરંગી અને કલાત્મક ભરતકામવાળી પરંપરાગત છત્રીઓ છે. સ્થાનિક કારીગર અમિતભાઈ નરોત્તમભાઈ દરજી અને તેમનો પરિવાર છેલ્લા ૫૦ વર્ષથી આ હસ્તકલાને જીવંત રાખીને તેને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યો છે.

આ પરિવાર કલાત્મક છત્રીઓ ઉપરાંત રજવાડી મોજડી, ચણિયાચોળી, કોટી, કલાત્મક બંડી અને સાફા-પાઘડીઓ પણ તૈયાર કરે છે. સરકાર દ્વારા લોકકળાને પ્રોત્સાહન મળવાથી આ વ્યવસાયને બળ મળ્યું છે. સરકારી કાર્યક્રમોમાં મહાનુભાવોના સન્માન માટે અપાતી બંડી-પાઘડીઓ, નામી તીર્થક્ષેત્રોના સંતો માટેની વિશેષ છત્રીઓ અને દેશ-વિદેશના પ્રવાસીઓ દ્વારા ખરીદાતી વિવિધ વસ્તુઓ અહીં ખાસ ઓર્ડરથી તૈયાર કરવામાં આવે છે.

આ પરંપરાગત હસ્તકલા ઉદ્યોગ થાનગઢ પંથકમાં ગ્રામીણ મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે. અમિતભાઈના માર્ગદર્શન હેઠળ ૨૫ થી ૩૦ બહેનો અને ૭ થી ૮ પુરુષ કારીગરો આ કામ સાથે જોડાયેલા છે. મહિલાઓ પોતાના ઘરે બેઠા જ હાથભરત, આરીભરત અને કમ્પ્યુટર ભરતનું નાજુક કામ કરીને સન્માનજનક રોજીરોટી કમાઈને આર્થિક રીતે આત્મનિર્ભર બની છે. તરણેતરના મેળાની સીઝન દરમિયાન પરંપરાગત કપલ ડ્રેસ, ચોલી અને બંડીનું મોટા પાયે ઉત્પાદન કરવામાં આવે છે. ૧૫ વર્ષથી આ કળા સાથે જોડાયેલા રાજેન્દ્રભાઈ જેવા અનુભવી કારીગરો રોજિંદા ધોરણે આવા સુંદર પોશાક તૈયાર કરે છે.

### ભ્રામક દાવા અને નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી

# પતંજલિ બિસ્કીટ, કિંડર જૉય, રેડ બુલ સહિત 115 પ્રોડક્ટ્સ પર FSSAIની તવાઈ



## અમૂલ સુગર-ફ્રી આઈસ્ક્રીમથી એનર્જી-સ્પોર્ટ્સ ડ્રિંક સુધી અનેક જાણીતી બ્રાન્ડ્સ યાદીમાં

**સિટી ન્યૂઝ@રાંચી**

પતંજલિ દૂધ બિસ્કીટ, કિંડર જૉય, સફોલા ટોટલ હાર્ટ પ્રો કુકિંગ ઓઈલ, રેડ બુલ, સ્ટિંગ એનર્જી, મોન્સ્ટર એનર્જી, ગેટોરેડ સ્પોર્ટ્સ ડ્રીંક અને અમૂલ સુગર-ફ્રી આઈસ્ક્રીમ સહિત ૧૧૫ ફૂડ પ્રોડક્ટ્સને બજારમાંથી હટાવી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(FSSAI) દ્વારા ગેરમાર્ગે દોરે તેવા દાવા, મિસ-લેબલિંગ તથા ફૂડ સ્ટાન્ડર્ડ સંબંધિત નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવાને લગતા કેસમાં આ પ્રોડક્ટ્સની ઓળખ કરવામાં આવી હતી. FSSAI, નવી દિલ્હી તથા ઝારખંડના એડિશનલ ચીફ સેક્રેટરી કમ ફૂડ સેફ્ટી બાબતના વડાએ આ રાજ્યમાં ખાદ્ય ઉત્પાદનોના વેચાણ તથા ઉપલબ્ધતાને લગતા સ્ટોકની તપાસ શરૂ કરી છે. રાંચીમાં પણ ખાદ્ય સુરક્ષા વિભાગના સઘન તપાસ તથા કાર્યવાહી ઝડપી બનાવી છે. FSSAIની યાદીમાં દૈનિક કામગીરીમાં ઉપયોગ થનારા અનેક ચર્ચિત ઉત્પાદન છે. તેમાં પતંજલિ દૂધ બિસ્કીટ, કિંડર જૉય અને સફોલા ટોટલ હાર્ટ પ્રો કુકિંગ ઓઈલ મુખ્ય છે. પતંજલિ દૂધ બિસ્કિટ પર ૧૦૦ ટકા લોટ હોવાના દાવા, કિંડર જૉયમાં મિલ્ક સોલિડ્સ સંબંધિત દાવા અને સફોલા ટોટલ હાર્ટ પ્રોમાં હાર્ટ-હેલ્થ સંબંધિત દાવાને લઈ વાંધો વ્યક્ત કરવામાં આવ્યો છે. કેફીનયુક્ત પે પ્રોડક્ટ્સમાં સ્ટિંગ એનર્જી, રેડ બુલ, મોન્સ્ટર એનર્જી, હેલ એનર્જી, એડ્રેનાલિશ રશ, કેમ્પા એનર્જી તથા ગેટોરેડ સ્પોર્ટ્સ ડ્રિંક પણ આ યાદીમાં સામેલ છે.આ ઉત્પાદનોમાં નિર્ધારિત નિયમો પ્રમાણે જરૂરી જોગવાઈ વગર જ એનર્જી ડ્રિંક અથવા સ્પોર્ટ્સ ડ્રિંક જેવા નામોનો ઉપયોગ કરવા સામે પણ સખત વાંધો ઉઠાવવામાં આવ્યો છે. યાદીમાં અમૂલ સુગર-ફ્રી આઈસ્ક્રીમ, બિસલેરીના એડેડ મિનરલ્સ સંબંધિત દાવા ધરાવતા ઉત્પાદન, રો પ્રોસરી મેંગો ડ્રીંક, માસ્ટરચાઉ રેમન નૂડલ્સ, લૂટે ચોકો પાઈ અને ડાબર હાર્ટ કેર સહિત બ્રાઉન બ્રેડ, ટોફૂ અને બેબી ફૂડના ઉત્પાદનનો સમાવેશ થાય છે. રો પ્રેસરી મેંગો ડ્રીંકમાં નોન એડેડ સુગર જેવા જાવાને લઈ પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ખાદ્ય સુરક્ષા વિભાગે સ્પષ્ટ કહ્યું છે કે બજારમાંથી ઉત્પાદનોને પરત લેવાને લગતા દિશા-સૂચનોનું પાલન નહીં કરનાર, ભ્રામક પ્રચાર કરતાં અથવા ખોટું બ્રાન્ડિંગ કરવા સંબંધિત કારોબારીઓ સામે ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ ૨૦૦૬ની કલમ ૫૩ અને ૫૭ સહિત અન્ય સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ખાદ્ય સુરક્ષા અધિકારોના ક્ષેત્રમાં સતત તપાસ કરવા સંબંધિત ઉત્પાદનોનું વેચાણ કરવા પર પ્રતિબંધને સુનિશ્ચિત કરવાના દિશા સૂચનો આપવામાં આવ્યા છે.



# હડકાયા કૂતરાંને પહેલાં પકડો : ગુજરાત હાઈકોર્ટ

## કોર્પોરેશનને વોર્ડવાઈઝ પ્લાન બનાવવા આદેશઃ માઈક્રોચિપિંગ અને વેક્સિનેશન કરવાની ટકોર

**સિટી ન્યૂઝ@રાંચી**

રખડતાં કૂતરાઓનો મામલો હવે હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર હાઈકોર્ટ દ્વારા સુઓમોટો કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસની સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠ સમક્ષ શુક્રવારે થઈ હતી. જેમાં એક તબક્કે ખંડપીઠે હડકાયા કૂતરાંની સમસ્યાના નિકાલને કોર્પોરેશન સહિતની ઓથોરિટી પ્રાથમિકતા આપવી જોઈએ એવી મૌખિક ટકોર કરતાં કહ્યું હતું કે, હડકાયા કૂતરાથી બીજા કૂતરાઓ અને માણસોને સૌથી વધુ જોખમ રહે છે. જો આવા કૂતરાઓની સમસ્યાનો નિકાલ નહીં થાય તો તંત્રની દરેક પ્રકારના પ્રયત્નો પર પાણી ફરી શકે છે. આ કેસમાં કોર્પોરેશનને વિસ્તૃત પ્લાન બનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

આ કેસની સુનાવણી દરમિયાન કોર્પોરેશન તરફથી દલીલ કરવામાં આવી હતી કે આ મામલો ગંભીર છે અને કોર્પોરેશન વોર્ડ વાઈઝ કાર્યવાહી કરી રહી છે. ખંડપીઠે પણ એવી ટકોર કરી હતી કે, આ મામલે કોર્પોરેશને ત્રણ બાબતો પર સૌથી વધુ ફોકસ રાખવાની જરૂર છે. જેમાં કૂતરાઓનું સ્ટર્લાઈઝેશન, માઈક્રો ચિપીંગ અને વેક્સિનેશન કરવાનું છે. આ ત્રણેય પ્રક્રિયા કૂતરાંને પકડો ત્યારે એક જ વારમાં થઈ શકે છે. જો કોર્પોરેશન આ રીતે કાર્યવાહી કરશે તો દરેક વિસ્તારમાં સારા પરિણામો મળશે.


હાઈકોર્ટે એવી ટકોર પણ કરી હતી કે, જો તમે વોર્ડ વાઈઝ પ્લાન તૈયાર કરશો તો હડકાયા કૂતરાંને પણ પકડી શકશો. જો એક પણ હડકાયેલું કૂતરું રહી જશે તો તમારા તમામ કામ પણ પાણી ફરી વળશે. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખવામાં આવી છે.

હાઈકોર્ટે એક તબક્કે સ્ટ્રીટ ડોગ એડોપ્શનની વાત પણ કોર્પોરેશનને કરી હતી. ખંડપીઠે ટકોર કરી હતી કે, આપણે બધાં જ ડોગ્સ ખરીદીને લાવીએ છીએ. ત્યારે સ્ટ્રીટ ડોગ્સના એડોપ્શન અંગે પણ કંઈક કરવું જોઈએ. આપણા ઈન્ડિયન ડોગ્સ સૌથી વધુ ઈન્ટેલિજન્ટ અને બ્યુટીફુલ હોય છે. તેઓ આપણા ઘરના સૌથી બેસ્ટ ગાર્ડ હોય છે.

રખડતાં કૂતરાઓ મુદ્દે સુપ્રીમ કોર્ટના આદેશોના અનુસંધાનમાં હાઈકોર્ટે સુઓમોટો કાર્યવાહી શરૂ કરી છે. તે કેસમાં સુપ્રીમ કોર્ટે દેશની દરેક હાઈકોર્ટને સુઓમોટો કાર્યવાહી નોંધવાનો નિર્દેશ આપ્યો હતો. જેથી રખડતા કૂતરાંના વ્યવસ્થાપન સંબંધિત તેના નિર્દેશોના અમલીકરણની રાજ્ય સ્તરે દેખરેખ રાખી શકાય. હાઈકોર્ટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી હતી. આ કાર્યવાહીથી રાજ્ય સરકાર અને નાગરિક સત્તામંડળોને વૈધાનિક માળખા અને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર અગાઉથી હાથ ધરવામાં આવેલા વિવિધ પગલાં તેમજ આગળના અમલીકરણ માટેની રૂપરેખા કોર્ટ સમક્ષ મૂકવામાં આવશે. હાઈકોર્ટે હડકાયા કૂતરાં વિશે ચિંતા કરતાં કહ્યું હતું કે કોર્પોરેશન વોર્ડ વાઈઝ પ્લાન બનાવશે તો હડકાયા કૂતરાઓને પણ પકડી શકશે. અન્યથા જો એક પણ હડકાયેલું કૂતરું રહી જશે તો ભારે તકલીફ થઈ શકે છે. સાથે જ હાઈકોર્ટે તમામ કૂતરાંઓનું વેક્સિનેશન, માઈક્રો ચિપીંગ, સ્ટર્લાઈઝેશન અને ફીડીંગ સ્પોટની કાર્યવાહી કરવાનું સૂચન પણ કોર્પોરેશનને આપ્યું હતું.

### દુનિયામાં આવા માત્ર 300 કેસ

# દિલ્હીમાં યુવકનાં પેટમાં મળી આવ્યું ગર્ભાશય



## યુવક રાજૌરી ગાર્ડન સ્થિત આરજી હોસ્પિટલ્સમાં પ્રાથમિક વંધ્યત્વની સારવાર કરાવવા પહોંચ્યો

**સિટી ન્યૂઝ@દિલ્હી**

દિલ્હીના ૨૬ વર્ષના યુવકની વંધ્યત્વની તપાસમાં પેટની અંદર ગર્ભાશય (યુટેરસ) મળ્યું છે. બંને અંડકોષ પણ પેટની અંદર હતા.યુવક રાજૌરી ગાર્ડન સ્થિત આરજી હોસ્પિટલ્સમાં પ્રાથમિક વંધ્યત્વની સારવાર કરાવવા પહોંચ્યો હતો. તપાસમાં તેના વીર્યમાં શુક્રાણુ મળ્યા નથી. MRIમાં પેલ્વિસની અંદર ગર્ભાશય જેવી રચના દેખાઈ. ડોકટરોના મતે, આ પર્સિસ્ટન્ટ મુલેરિયન ડક્ટ સિન્ડ્રોમ (PMDS) જેવી દુર્લભ જન્મજાત સ્થિતિ હોઈ શકે છે. આખી દુનિયામાં તેના માત્ર 300 કેસ છે.યુવકના બંને ટેસ્ટિસ એટલે કે અંડકોષ નીચે ઉતર્યા ન હતા. તેઓ લાંબા સમયથી પેટની અંદર હતા અને ગંભીર રીતે સંકોચાઈ ગયા હતા. આ યુવકના ટેસ્ટિસ પેટની અંદર રહી ગયા હતા અને ગંભીર રીતે સંકોચાઈ ગયા હતા. પેટની અંદર રહેવાથી શરીરનું વધુ તાપમાન સમય જતાં શુક્રાણુ બનવાની પ્રક્રિયાને નુકસાન પહોંચાડી શકે છે.આ દર્દીના ટેસ્ટિસ પહેલાથી જ ગંભીર રીતે ખરાબ થઈ ગયા હતા. જેના કારણે એઝુસ્પર્મિયાની સ્થિતિ સર્જાઈ હતી. કેટલાક લોકોમાં બચેલા ટેસ્ટિસના કાર્યના આધારે સહાયિત પ્રજનન તકનીકો દ્વારા વિકલ્પો મળી શકે છે. જોકે, પ્રજનનક્ષમતાના પરિણામો દરેક વ્યક્તિમાં અલગ હોઈ શકે છે. આ ટેસ્ટિસના સ્થાન અને તેમની કાર્યક્ષમતા પર આધાર રાખે છે. અન્ય પ્રજનન સંબંધિત અસામાન્યતાઓ પણ અસર કરી શકે છે.

### જયપુરમાં હચમચાવી નાખતો નરસંહાર

# પતિ બન્યો હેવાનઃ પત્ની અને ત્રણ દીકરીઓને મોતને ઘાટ ઉતારી

## હત્યા કર્યા બાદ શખ્સે અફસોસ કર્યા વગર વૃદ્ધ પિતાએ ચા પીવડાવી અને ખૂદ પોતે પણ ચા પી લીધી હતી



**સિટી ન્યૂઝ@જયપુર**

રાજધાની જયપુરમાં હચમચાવી નાખતો નરસંહાર સામે આવ્યો છે. અહીં એક શખ્સે નિર્દયતાપૂર્વક ઊંઘમાં સૂઈ રહેલી પોતાની પત્ની અને ત્રણ જવાન દીકરીઓને મોતને ઘાટ ઉતારી દીધી. હેવાન બનેલા આ શખ્સના ચહેરા પર ચાર હત્યાઓ બાદ પણ જરા પણ અફસોસ નહોતો. તેણે નિડર થઈને સવારે પોતાના વૃદ્ધ પિતાને ચા પીવડાવી અને ખુદ પણ પીધી. ત્યાર બાદ તે ઘરેથી ફરાર થઈ ગયો. દીકરાના ગયા બાદ વૃદ્ધે જ્યારે વહુ અને પૌત્રીઓની લોહીથી લથબથ લાશો જોઈ તો તેમના પગ તળેથી જમીન સરકી ગઈ.પરિવારના ચાર સભ્યોની લાશ જોયા બાદ વૃદ્ધ આઘાતમાં સરી પડ્યા. આજુબાજુના લોકોને આ ઘટનાની જાણ થતાં લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો. સૂચના મળતા જ પોલીસ પણ આવી પહોંચી. લોહીથી લથબથ લાશ જોઈ ભલભલા ધ્રુજવા લાગ્યા. હત્યા પાછળનું કારણ શું હતું હજુ સુધી જાણવા નથી મળ્યું. માનવતા શર્મસાર કરતી આ ઘટના જયપુરના કરધની વિસ્તારના ગોવિંદપુરામાં ગુરુવાર રાતે થઈ હતી. કળિયુગી પિતા અને પતિ રાહુલ ઝાની આ ખતરનાક હરકતથી આખી ગુલાબીનગરમાં સોપો પડી ગયો. પોલીસે આરોપીને શોધવા માટે સર્ચ ઓપરેશન શરુ કર્યું છે, પણ હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી.ડીસીપી જયપુર વેસ્ટ પ્રશાંત કિરણ અનુસાર, ઘટનાને અંજામ આપનારો શખ્સ રાહુલ ઝા છે. તે પોતાના પરિવાર સહિત ગોવિંદપુરા વિસ્તારમાં રહે છે. આ ઘટનાને ગુરુવાર રાતે તે સમયે અંજામ આપ્યો જ્યારે રાહુલ ઝા આખા ઘરના લોકો આરામથી સૂઈ રહ્યા હતા. રાહુલની પત્ની ગીતા (૪૦) અને ત્રણ દીકરીઓ નંદિની, ગિરિશા અને રાધિકા ગાઢ નીંદરમાં સૂઈ રહ્યા હતા. આ ત્રણેય દીકરીઓની ઉંમર ૧૭થી ૨૩ વર્ષની વચ્ચે છે. તે સમયે રાહુલ ઝાના માથે હેવાનિયત સવાર થઈ.તેણે બાજુમાં ચાલતા બાંધકામવાળી જગ્યાએ એક ભારે ઈંટ ઉપાડી અને એક એક કરીને ચારેયના માથા પર જીવલેણ હુમલો કર્યો. આ હુમલો એટલો શક્તિશાળી હતો કે રૂમની દીવાલો અને ફર્શ પર લોહીના લાલ છાંટા ઉડવા લાગ્યા. આ ચારેયને ચીસો પાડવાનો પણ મોકો ન મળ્યો. આટલી ભયાનક ઘટનાને અંજામ આપ્યા બાદ રાહુલના ચહેરા પર જરા પણ અફસોસ નહોતો. બાદમાં ખુદ ચા પીને ઘરેથી ભાગી ગયો.ચા પીવા સુધી પિતા લક્ષ્મીનારાયણને આ ઘટનાની જરા પણ જાણ ન થવા દીધી હતી.



# ગીરના જંગલમાં બીમારીનો કાળો કેરઃ એક વર્ષમાં 62 સિંહોનાં મોત

## વિધાનસભામાં વન વિભાગનો ઘટસ્ફોટ; ન્યુમોનિયા, કિડની ફેલ્યોર સહિતના રોગોથી સિંહોએ જીવ ગુમાવ્યા



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહો બીમારીના ભરડામાં આવી ગયા હોય તેમ છેલ્લા એક જ વર્ષમાં વિવિધ પ્રકારના રોગથી કુલ ૬૨ સિંહના મૃત્યુ થવા પામ્યા હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. જેમાં અનેક ગંભીર ગણાય તેવા રોગનો પણ સમાવેશ થાય છે. જો કે વન વિભાગે એવો દાવો કર્યો છે કે સિંહોના સ્વાસ્થ્યની જાણકારી મેળવવા સતત અવલોકન કરવામાં આવે છે અને ત્વરિત સારવાર પણ અપાય છે.ગુજરાતના સિંહો નિહાળવા દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી મોટી સંખ્યામાં રોગથી મૃત્યુ પામતા સિંહોના કારણે વન્ય જીવપ્રેમીઓમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. કોંગ્રેસના શૈલેષ પરમાર દ્વારા વિધાનસભામાં જુલાઈ-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહોમાં કયા પ્રકારના રોગ જોવા મળ્યા અને તેમાંથી કયા રોગના કારણે કેટલા સિંહના મૃત્યુ થયા તેની જાણકારી માગતો સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના લેખિત જવાબમાં વન વિભાગે જણાવ્યું હતું કે જુલાઈ-૨૦૨૬ની સ્થિતિએ એક વર્ષમાં ૧૭ નર સિંહ, ૧૭ માદા અને ૨૮ સિંહબાળ સહિત કુલ ૬૨ સિંહના મૃત્યુ થવા પામ્યા છે. આ સિંહોના પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મુજબ જે રોગથી મૃત્યુ પામ્યા છે તેમાં ન્યુમોનિયા, હેમોરેજિક ન્યુમોનિયા, એનિમિયા, કિડની ફેલ્યોર, મલ્ટી ઓર્ગન ડિસ્ફંક્શન-ફેલ્યોર, સેપ્ટિસિમિયા, હેપેટો-રીનલ ડિસ્ફંક્શન, પેરાલિસીસ અને એસાઈટીસ, ગેસ્ટ્રોએન્ટીરીટીસ તેમજ રાઉન્ડ વોર્મ ઈન્ફેસ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માયોકોર્ડિયલ ઈન્ફાકર્શન, સેન્ટ્રલ નર્વ સિસ્ટમ ડીસઓર્ડર, બ્રોન્કોન્યુમોનિયા, એક્યુટઈલનેસ અને સેપ્ટીક શોક જેવા રોગ પણ સિંહોને હોવાનું પીએમ રિપોર્ટમાં જાણવા મળ્યું છે. આ મુદ્દે કરાતી કામગીરીની માહિતી આપતા વન વિભાગે જણાવ્યું હતું કે રોગો અટકાવવા માટે સિંહોને ડી-વોર્મિંગ અને ડી-ટિકિંગ કરવામાં આવે છે.

# મનપાના જનરલ બોર્ડમાં કોંગ્રેસના કોર્પોરેટરો સવાલોની ઝડી વરસાવશે

## જન્મ-મરણ શાખાથી ગેરકાયદે બાંધકામ અને ૯૯૨ મકાનોના ડિમોલેશન સુધીના મુદ્દે જવાબ માગશે : વાહનોના ડીઝલ ખર્ચથી ડોર-ટુ-ડોર કચરા કોન્ટ્રાક્ટ સુધીના હિસાબની પણ પૂછપરછ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દિપ્તીબેન સોલંકી દ્વારા જન્મ-મરણ શાખા હાલ કયા પોર્ટલ પર કામ થાય છે? અગાઉ ક્યાં પોર્ટલ પર કામ થતું હતું, અરજીનો નિકાલ કેટલા સમયની અંદર થાય છે? પોર્ટલ પર કેટલી અરજીઓનો નિકાલ થયો અને કેટલી બાકી છે? શું કોર્પોરેશન કે ગુજરાત સરકાર ના આધાર કાર્ડ ની કામગીરી માં માન્ય છે ?ધીમી ગતિએ ચાલતી આ કામગીરી ગુજરાત સરકારના કયા વિભાગમાં આવે છે? અને તેના મંત્રી કોણ છે? રાજકોટ કોર્પોરેશનમાં વર્ગ એક ના ઝોન વાઈસ ત્રણના નવા ટાઉન પ્લાનર ની ભરતી ક્યારે થઈ તેમના નામ આપો તેવો કાયમી થઈ ગયા છે કે પ્રોબેશન પર છે? આ સિવાય તેઓની નિમણૂકની તારીખ થી આજ સુધી ત્રણેય ઝોનમાં ગેરકાયદેસર બાંધકામને કેટલી અને કયા પ્રકારની નોટિસો અપાય વોર્ડ વાઇસ તેની વિગત આપો, આવા બાંધકામોની આજની સ્થિતિ શું છે? કેટલા ડિમોલેશન કર્યા ? જે જગ્યા ગેરકાયદેસર હોય એ મામલે સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન શું છે? કેટલા પ્લાન મંજૂર થયા કેટલા નામંજૂર થયા અને કેટલા કંપલિશન આપ્યા ? આ ઉપરાંત ઇબ્રાહીમભાઇ સોરા દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો જંગલેશ્વર ના નદીના કાંઠે ૯૯૨ મકાન મકાન ડિમોલેશન કરેલા હતા તેમાં કેટલી વાર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે ?તે ખુલ્લી કરેલી જગ્યા કોઈ કંપનીને વેચાણ આપેલ છે કે નહીં એ જગ્યાનો ક્યાં વિકાસ કાર્યોમાં ઉપયોગ લેવામાં આવશે તેની વિગત આપો.

આ વિસ્તારમાં ડિમોલેશન થયેલ છે ત્યારે ત્યાં રિવરફ્રન્ટ બનાવવાનો છે કે રી ડેવલપમેન્ટ થશે તેની પણ વિગત આપો, તેમજ અર્જુનભાઈ ચૌહાણ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો આર.એમ.સી ની હદમાં આવતી



સ્કૂલ અને કોલેજો પાસેથી વેરો વસૂલવામાં આવે છે કે નહીં આવે છે તો ક્યારે વેરો વસૂલવામાં આવે છે? આર.એમ.સી પાસે પોતાના કેટલા વાહનો છે અને કેટલું ડીઝલ પેટ્રોલ નો વપરાશ થાય છે? મેન્ટેનન્સ નો ખર્ચ કેટલો થાય છે? માસિક અને વાર્ષિક ખર્ચ તેમજ સામાન્ય પંચરનો પણ ખર્ચ કેટલો થાય છે,તે જણાવો ? ટિપ્પરવાન દ્વારા ડોર ટુ ડોર કચરો ઉઠાવવાનો કોન્ટ્રાક્ટ કેટલા વર્ષ માટે આપેલ છે? અને કેટલી એજન્સી પાસે ભાવ મંગાવ્યા હતા? આ ઉપરાંત ડ્રાઈવર અને સ્વીપર ને પગાર ચેકથી ચૂકવાઇ છે કે રોકડા ?એજન્સી ડ્રાઈવર અને સ્વીપર કેટલો પગાર ચૂકવે છે? અને આર.એમ.સી કોન્ટ્રાક્ટર ને શું પગાર ચૂકવે છે ? ટિપ્પરવાનના ડ્રાઈવર અને સ્વીપરને તેમની સેફ્ટી માટે કોન્ટ્રાક્ટર એ શું સુવિધા આપે છે ? આ સિવાઈ રાજકોટ મહાનગરપાલિકાની આગામી જનરલ બોર્ડની બેઠકમાં રાજકોટ શહેર કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા શહેરના નાગરિકોને સ્પર્શતા વિવિધ મહત્વપૂર્ણ પ્રશ્નો રજૂ કરવામાં આવશે. મનપાની વહીવટી કામગીરીમાં પારદર્શિતા, પ્રાથમિક સુવિધાઓ અને વિકાસકામોની ગુણવત્તા અંગે તંત્ર પાસેથી સ્પષ્ટ જવાબ માગવામાં આવશે.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજા એ જણાવ્યું હતું કે, જનરલ બોર્ડ એ માત્ર ઔપચારિકતા પૂર્ણ કરવાની બેઠક નથી, પરંતુ રાજકોટની જનતાના પ્રશ્નો અંગે જવાબદારી નક્કી કરવાનું મહત્વપૂર્ણ લોકશાહી મંચ છે.

કોંગ્રેસના કોર્પોરેટરો જનતાના હિત સાથે જોડાયેલા પ્રશ્નો જનરલ બોર્ડમાં રજૂ કરશે અને મનપાના સત્તાધીશો તથા અધિકારીઓ પાસેથી દરેક મુદ્દે સ્પષ્ટ જવાબ માગશે. રાજકોટના નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારવા પડે અને બીજી તરફ મનપાના વહીવટમાં બેદરકારી કે ગેરવ્યવસ્થા હોય તે ચલાવી લેવામાં આવશે નહીં.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જનરલ બોર્ડમાં માત્ર પ્રશ્નો પૂછવા પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ પ્રશ્નોના યોગ્ય ઉકેલ, સમયબદ્ધ કામગીરી અને જવાબદારી નક્કી થાય તે માટે પણ મજબૂત રજૂઆત કરશે. રાજકોટ શહેર કોંગ્રેસનો સ્પષ્ટ મત છે કે જનરલ બોર્ડમાં શહેરના વાસ્તવિક પ્રશ્નો પર ગંભીર ચર્ચા થવી જોઈએ અને પ્રજાના પ્રશ્નોને ટાળવાને બદલે તેનો ઉકેલ લાવવો જોઈએ.



# બાલાજી હનુમાનજી મંદિરે દાદાને ફૂલોનો અદ્ભુત શણગાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને રાજકોટવાસીઓના દુખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે શનિવારના પવિત્ર દિવસે ભક્તિનો અનેરો માહોલ જોવા મળ્યો છે. શનિવાર નિમિત્તે બાલાજી દાદાને આકર્ષક ફૂલોનો અદ્ભુત શણગાર કરવામાં આવ્યો છે.

આ દિવ્ય શણગારમાં લાલ, ઘાટા ગુલાબી, આછા ગુલાબી અને પીળા રંગના ગુલાબનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવ્યો છે. શણગારની શોભા વધારવા સફેદ અને પીળા રંગના સેવંતી તથા ડેઝીના ફૂલોને કમાનમાં વચ્ચે-વચ્ચે સુંદર રીતે ગોઠવવામાં આવ્યા છે.

મુખ્ય ફૂલોની વચ્ચેની જગ્યા ભરવા અને શણગારને વધુ આકર્ષક બનાવવા ઝીણા સફેદ જીપ્સોફિલા (Baby's Breath) નો ઉપયોગ થયો છે, જ્યારે કમાનનો આકાર અને બેઝ બનાવવા માટે ફર્ન (Fern) અને પામ (Palm) ના લાંબા લીલા પાંદડાઓનો કલાત્મક ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મનોહર અને જીવંત શણગારથી બાલાજી દાદાનું સ્વરૂપ અત્યંત તેજસ્વી ભાસી રહ્યું છે.

આ મંગલમય શણગાર અને દર્શનનું આયોજન મંદિરના આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. વહેલી સવારથી જ દાદાના આ નયનરમ્ય સ્વરૂપના દર્શનનો લાભ લઈ અનેક શ્રદ્ધાળુઓ સાથે સમગ્ર મંદિર પરિસર 'જય બાલાજી' અને 'જય શ્રી રામ' ના ગગનભેદી નાદથી ગુંજી રહ્યું છે.

# રાવકીમા મસ્તી અંગે ખોટું લાગ્યા બાદ નિંદ્રાધીન યુવકની ધોકા ફટકારી હત્યા

## ત્રણેક દિવસ પૂર્વેનો બનાવ હત્યામાં પલટાયો : લોધીકા પોલીસે આરોપીની કરી ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના લોધીકા તાબેના રાવકીમાં આવેલા કારખાનામાં ત્રણેક દિવસ પહેલા નિંદ્રાધીન યુવકને સાથે રહેતાં શખ્સે જ માથામાં ધોકાના ઘા ફટકારતા ગંભીર ઈજાઓ થવાથી સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમા ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવના પગલે લોધીકા પોલીસ દોડી ગઈ હતી અને જીવલેણ હુમલો કરનાર કોડીનારના પ્રવીણ બધાભાઈ રાઠોડ સામે હત્યાની કલમનો ઉમેરો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ મૂળ કોડીનારના મિતીયાજ ગામના અને હાલ રાવકીમા આવેલા સોરઠીયા ફાઉન્ડરી નામના કરખાનામાં છેલ્લા બે વર્ષથી મજૂરી કામ કરતા અરશીભાઈ લાખાભાઈ પરમાર (ઉ.વ.૪૦)ના ગત તા.૯ના કારખાનામાં સુતા



હતા ત્યારે પ્રવીણ રાઠોડએ માથામાં ધોકાના ઘા મારી નાશી ગયો હતો સાથે કામ કરતા યુવકે સવારે ઉઠીને જોતા અરશીભાઈ લોહી લુહાણ હાલતમાં પડ્યા હતા તાકીદે અન્યોને જાણ કરી સારવાર માટે શાપરની પ્રાઈવેટ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સમ્યક હોસ્પિટલમાં ખસેડાયા હતા, માથામાં ગંભીર ઈજા હોવાથી ત્યાં તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું બાદમાં વહેલી સવારે આજે દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવને પગલે હોસ્પિટલ દ્વારા લોધીકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પોલીસની તપાસમાં જે તે સમયે અરશીભાઈ અને હુમલો કરનાર પ્રવીણ બંને એક કારખાનામાં કામ કરતા હતા અને રાત્રીના મજાક મસ્તી દરમિયાન પ્રવીણને ખોટું લાગી જતા રાત્રીના બધા સુઈ ગયા બાદ ધોકો લઈને તૂટી પડ્યો હોવાનું જણાઈ રહ્યું છે મૃતક બે ભાઈ એક બહેનમાં વચેટ હતા અને સંતાનમાં ત્રણ દીકરી છે જેણે પિતાનું છત્ર ગુમાવી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે પ્રવીણ રાઠોડને સંકજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.



# રાજકોટમાં જુગારના બે દરોડામાં 15 ઝડપાયા

## ભગવતીપરામાં જય મુરલીધર નામના મકાનમાંથી પીસીબીએ 44,500 ની રોકડ સાથે 8 ને ઝડપ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ તાલુકાના ખેરડી ગામની સીમમાં ડીસીબીએ દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા શૈલેષ મનજી પીપળીયા, ખોડલધામ સોસાયટી શેરી નં.૬માં રહેતા જયંતિ બાબુ પીપળીયા, સંતકબીર રોડ પર સંસ્કાર વીલા સોસાયટીમાં રહેતા કેતન નરશી મોંગલપરા, ખેરડી ગામે બીલીના માર્ગે રહેતા દિવ્યેશ લાલજી પીપળીયા, રાજ રેશીડેન્સી સોસાયટી શેરી નં.૩માં રહેતા ચિરાગ રમણીક મેંદપરા, લાખેશ્વર સોસાયટીમાં રહેતા કલ્પેશ મીઠા કાનપરીયા અને ખેરડી ગામે રામજી મંદિરની બાજુમાં રહેતા ચેતન બાબુ મોલીયાને પોલીસે ઝડપી લીધા હતા. પીસીબીની ટીમે બીજો દરોડો ભગવતીપરામાં ગાંધી સોસાયટી શેરી નં.૫માં જય મુરલીધર નામના મકાનમાં પાડયો હતો જ્યાં જુગાર રમતા આઠને રૂ.૪૪૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. પકડાયેલા શખસોમાં મકાનમાલિક ભૂપત મોહન વાસાણી, શીવશક્તિ રેસીડેન્ટ શેરી નં.૨માં રહેતા ધીરુ નાગજી બાવળીયા, રૂખડીયા ફાટક પાછળ રહેતા મેહુલ મનોજ જાખેલીયા, રૂખડીયા ફાટકની બાજુમાં દશામા ચોકમાં રહેતા ટપુ નાથા લોરીયા, સાગર મોહન સોલંકી, મુન્ના રાજુ લોરીયા અને વિજય વાઘેલાનો સમાવેશ થાય છે.

# રાજકોટમાં આઈવે પ્રોજેક્ટના CCTVમાંથી બેટરીની ચોરી



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની ન્યુ રાજદીપ સોસાયટીમાં રહેતા અને ઈનોવર્ક કંપનીમાં સબ કોન્ટ્રાકટમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા સ્મિત પ્રદીપભાઈ જયસ્વાલ ઉ.૨૯એ ૬૩ હજારની ૨૧ બેટરીની ચોરી અંગે અજાણ્યા શખ્સો સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના આઈવે પ્રોજેક્ટના સીસીટીવી લગાવવામાં આવ્યા હોય જે અંતર્ગત માલવિયા ચોક, આરકેસી, જયુબેલી ચોક, ગુંદાવાડી, સાંગણવા ચોક, ભુપેન્દ્ર રોડ વોર્ડ ઓફિસના સીસીટીવી કેમેરાના આઉટડોર યુનિટના લોક તોડી તસ્કરો ૨૧ બેટરી ચોરી કરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું તસ્કરો ગત તારીખ ૨૦ જૂનથી ૯ સપ્ટેમ્બર વચ્ચે આ બેટરીની ચોરી કરી ગયા હોવાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. જયારે થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી બીજી ફરિયાદમાં જણાવ્યું હતું કે દૂધસાગર મેઈન રોડ પર લાગેલા સીસીટીવીમાંથી ૧૧ ઑગષ્ટથી ૯ સપ્ટેમ્બર સુધીમાં ૯૦૦૦ની કિંમતની ૩ બેટરીની ચોરી થઇ ગઈ હતી આ ચોરી અંગે પોલીસે તપાસ હાથ ધરી છે આ ઉપરાંત પ્રનગર પોલીસમાં ૬ બેટરીની ચોરી અંગે ત્રીજી ફરિયાદમાં જણાવ્યું હતું કે જામટાવર ચોક ખાતે લાગેલા સીસીટીવીના આઉટડોરના લોક તોડી તસ્કરો ૬ બેટરી ચોરી કરી ગયા હતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સગા-વ્હાલાના ઘરે ચા-પાણીના બહાને ચોરી કરતી મહિલા ઝડપાઇ

» આજીડેમ પોલીસે મહિલા પાસે 15.43 લાખના દાગીના કબજે કર્યા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

સગા-વ્હાલાના ઘરે ચા-પાણીના બહાને જઈ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી કરતી હોવાની કબૂલાત આપનાર મહિલાને આજીડેમ પોલીસે ઝડપી પાડી છે. પોલીસની પૂછપરછમાં મહિલાએ રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશનના બે તથા વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનનો એક મળી કુલ ત્રણ ચોરીના ગુનાની કબૂલાત આપી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે તેની પાસેથી કુલ રૂ.૧૫.૪૩ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના કબજે કર્યા છે. પોલીસે પકડી પાડેલી ભાવનગર રોડ પર, ગંજીવાડા શેરી નં.૩૮, ભાડાના મકાનમાં રહેતી કાજલ નરેશભાઈ મેર(ઉ.વ.૨૯) સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, સર્વેલન્સ સ્કવોડને મળેલી બાતમીના આધારે કાજલને શંકાના આધારે પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં તેણે ચોરીની કબૂલાત આપતાં ત્રણ ગુના ડિટેક્ટ થયા હતા. પોલીસે તેની પાસેથી ૪૯.૧૧૦ ગ્રામનો સોનાનો હાર, ૩૩.૮૯૦ ગ્રામનું મોટું ઢાળીયું, બે નાના ઢાળીયા, ચાંદીની સાંકળ, સોનાની બુટી તથા સોનાની સર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આજીડેમ પીઆઇ એચ.એન. પટેલની રાહબારીમાં વી.જી. ડોડિયાની ટીમે કાર્યવાહી કરી હતી.



# જૂલસીકા-વસુંધરાના સરપંચ પર ધોકા પાઈપથી હૂમલો થયો

## ગેરકાયદે ખનન સહિતની પ્રવૃત્તિઓ અટકાવતાં હોવાનો ખાર રાખી હુમલો : પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જાલસીકા-વસુંધરા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ પર જીવાપર ગામથી આગળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે હુમલો થયાની ફરિયાદ એરપોર્ટ પોલીસ મથકમાં નોંધાઈ છે. સરપંચ ગેરકાયદે ખનન, બોગસ દસ્તાવેજો, દૂધ મંડળી અને નોકરીના બોગસ પ્રમાણપત્રો અંગે રજૂઆતો કરતા હોવાનો ખાર રાખી હુમલો કરાયો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ૯ સપ્ટેમ્બરે વસુંધરાથી રાજકોટ

રાજકોટના મોરબી રોડ ઉપર ખોડીયાર પાર્કમાં રહેતા અને મૂળ જાલસીકા ગામ, તા. વાંકાનેરના ધીરૂભાઈ કરશનભાઈ ડાંગર ઉ.વ.૬૫એ એરપોર્ટ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રવીણ સરૈયા, અનીલભાઈ રેવાભાઈ સરૈયા, વિપુલ સરૈયા, શૈલેષ સરૈયા, વિક્રમ સરૈયા, જગદીશ સરૈયા તથા ક્થી ૭ અજાણ્યાઓના ઉલ્લેખ સાથે નામ આપ્યા છે. ધીરૂભાઈ છેલ્લા પાંચ વર્ષથી સરપંચ છે અને ત્રણથી ચાર વર્ષ પહેલાં વસુંધરામાં ગેરકાયદે ખનન અને ભરડિયા અંગે મામલતદાર, કલેક્ટર, વાંકાનેર તાલુકા પોલીસ તથા ખાણ-ખનિજ વિભાગમાં રજૂઆતો કરી હતી.

આ ઉપરાંત બંસલ પેટ્રોલ પંપ પાસેના ગેરકાયદે દબાણ અંગે પણ ફરિયાદ કરી હતી. ૯ સપ્ટેમ્બરે સ્કૂલનું કામ જોઈ પરત ફરતી વખતે જીવાપર PHC પાસે ઈકો કારથી એક્ટિવાને ટક્કર માર્યા બાદ બંને વાહનોમાંથી ૧૦થી ૧૨ શખ્સો ઉતર્યા હતા.

# એરફોર્સમાં નોકરી અપાવવાની લાલચે 1.95 લાખની ઠગાઈ

## ઈન્ટાગ્રામ મારફતે પરિચય કેળવી શિકાર બનાવ્યા હતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં રહેતી યુવતિને એરફોર્સમાં નોકરી અપાવવાની લાલચે રૂ.૧.૯૫ લાખની છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાયાના ગણતરીના દિવસોમાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી વિશેષ તપાસ આદરી છે.

જામનગર રોડ વિસ્તારમાં રહેતા અને અને ગાંધીનગર ખાતે ખાનગી કંપનીમાં સીસ્ટમ એન્જી.તરીકે નોકરી કરતી યુવતિએ યુનિવર્સિટી પોલીસ ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક પ્રતિક ભારદ્વાજ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પ્રતિક ૭૫૩૯ નામની આઈડીને તેણી ફોલો કરતી હોય જેથી ગત.તા.૧૭ મેના રોજ તેણીને મેસેજ કરેલ પોતાની ઓળખ ઈન્ડિયન એરફોર્સના સુર્યકિરણ ટીમમાં ફલાઈંગ બ્રાન્ચમાં સ્કવાડર્ન પરમાં લીડર તરીકે કર્ણાટકમાં ફરજ બજાવે છે તેમ જણાવ્યું હતું.જેથી તેણીને એરફોર્સમાં નોકરી કરવાની



ઈરછા હોવાથી શખસને નોકરી અપાવવાનું કહ્યું હતું.

બાદ પૈસાની લેતી-દેતી કરીને પણ નોકરી મેળવી શકાયનું જણાવી રૂ.૧.૯૫ લાખ પડાવી લઈ કોઈ નોકરી ન અપાવી છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાવેલ હોય જેથી પોલીસે તપાસ હાથ ધરી શાંતિનિકેતન પાર્ક-૪મેઈન રોડ પર ભાડાના મકાનમાં રહેતા પ્રતિક મહેશભાઈ ભારદ્વાજની ધરપકડ કરી તેની પાસેથી બે ફોન કબજે લઈ અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી આચરી છે તે અંગે તપાસ આદરી છે.

# સદર બજારમાં ગોડાઉનમાંથી 7.20 લાખનો ફટાકડા કબજે

## લાયસન્સ વગર ફટાકડાનો સંગ્રહ કરનાર વેપારી સામે ગુનો નોંધી ધરપકડ કરાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સદર બજાર વિસ્તારમાં ગેરકાયદે ફટાકડાનું વેચાર થતું હોવાની બાતમી મળતા પોલીસે ચેકિંગ હાથ ધરી દુકાનની પાછળ મકાનમાં ગોડાઉનમાંથી રૂા. ૭.૨૦ લાખની કિંમતનો ફટાકડાનો જથ્થો કબજે કરી વેપારી અબ્બાસ સૈફૂદીનભાઈ માકડા (ઉ.૬૦) (રહે. રામનાથપરા-૧)ને પકડી લીધો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ પ્રનગર સર્વેલન્સની ટીમ સદરબજાર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળતા બેલદાર શેરીમાં આવેલા એક મકાનમાં તપાસ કરતા ગેરકાયદે ફટાકડાનો જથ્થો મળી આવતા દુકાન માલિક અબ્બાસને પકડી પૂછપરછમાં તે મેઈન રોડ પર ફટાકડાની દુકાન ધરાવે છે. અને દુકાનની પાછળ મકાનનો ગોડાઉન તરીકે ઉપયોગ કરે છે.

પોલીસે ગોડાઉનમાંથી અલગ અલગ વેરાયટીના રૂા. ૭.૨૦ લાખની કિંમતનો ગેરકાયદે ફટાકડાનો જથ્થો કબજે કરી બી.એન.એસ. તેમજ એક્સપ્લોઝીવ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બધા જ મુસ્લિમો માની રહ્યા હતા કે સલીમભાઈ ફોન કરશે તો પોલીસ જરૂર આવશે એટલે બધા તેમના ઘર તરફ ભાગ્યા

ફિરોજચાચા ની આંખના ખુણા વાંર-વાંર ભીના થઈ જતા હતા. ડીસીપી સિન્હા અને ઈન્સપેક્ટર જાડેજા ત્યારે શાંત બેસી જતા હતા. ફિરોજચાચા એ પોતાની વાત આગળ વધારતા કહ્યુ, સાહેબ અમારી સોસાયટીની ચારે તરફથી પથ્થરમારો થઈ રહ્યો હતો, બહાર જે પોલીસવાળા હતા તે ટોળાને રોકી શકે તેવી સ્થિતિમાં ન્હોતા અને રોકે પણ કેવી રીતે તેમની પાસે લાકડી સિવાય કંઈ ન્હોતુ. મને પણ ડર લાગી ગયો, ઘરના દરવાજા અને બારી પાસે જવાય તેવી સ્થિતિ પણ ન્હોતી પણ ઘરની અંદરથી બારીના તુટેલા કાચમાંથી જેટલુ જોઈ શકાતુ હતું તેનાથી એટલો અંદાજ આવી રહ્યો હતો કે સોસાયટીના લોકો ડરના માર્યા પોતાના ઘર છોડી સલીમભાઈ ના ઘર તરફ ભાગી રહ્યા હતા. સલીમભાઈ એક જમાનાના બહુ મોટા નેતા હતા. જો કે હવે તો તેમની પણ ઉંમર થઈ ગઈ હતી પણ તેમનો લોકોમાં વટ હતો. હજી પણ તેમના ઘરે જુના જમાનાના નેતાઓની અવરજવર હતી. હવે સોસાયટીના લોકો પાસે એક માત્ર આશરો એટલે સલીમભાઈ હતા.

બધાને હતું કે સલીમભાઈ ફોન કરશે એટલે પોલીસની મદદ આવશે. મારી બીબીએ પણ રડતાં રડતાં મને કહ્યુ ચાલો આપણે પણ સલીમભાઈ ના ઘરે જતા રહીએ. ખરેખર ત્યારે મને કંઈ સુઝતુ ન્હોતુ. પરવેજ ડરેલો હતો, તે મારી સામે જોઈ રહ્યો હતો, મને લાગ્યુ કે ઘરમાં રહીશુ તો ટોળુ ઘર સુધી આવી જશે. અમે સલીમભાઈ ના ઘરે જતા રહેવાનો નિર્ણય કર્યો. મેં મારી બીબીને કહ્યુ દરવાજો ખોલી આપણે ૩ એક સાથે ભાગીશુ. દરવાજે તાળુ મારવા પણ રોકાતા નહીં અને અમે અમારી અંદર હતી તે હિંમત એકઠી કરી દરવાજો ખોલી સલીમભાઈ ના ઘર તરફ ભાગ્યા. મેં મારી બીબીનો હાથ પકડ્યો હતો અને સલીમ અમારી આગળ દોડતો હતો. અમે જેવા ભાગ્યા તે જોઈ ટોળાએ ફરી અમારી તરફ પથ્થરો ફેંક્યા અને એક પથ્થર મારા કપાળે વાગ્યો. મને લોહી પણ વહેવા લાગ્યુ પણ રોકાઈ શકાય તેવુ ન્હોતુ. જો કે સોસાયટીમાં સલીમભાઈ નું ઘર એકદમ નજીક જ હતું.

અમે સલીમભાઈ ના ઘર સુધી પહોંચી ગયા પણ તેમનું ઘર તો એકદમ ભરેલુ હતું. બાળકો અને સ્ત્રીઓ રડી રહી હતી. સલીમભાઈ સતત તેમના લેન્ડલાઈન ફોન ઉપર કોઈને કોઈને ફોન કરી મદદ





માંગી રહ્યા હતા. વચ્ચે તેમની આંખ પણ ભીની થઈ હતી. સલીમભાઈ ને જોઈ લાગતુ હતું કે આજે તેમની વાત પણ સાંભળનાર કોઈ ન્હોતુ. સલીમભાઈ ની સ્થિતિ જોઈ વધારે ડર લાગ્યો. જો સલીમભાઈ ને કોઈ મદદ કરવા તૈયાર નથી તો અમારૂ શુ થશે. ત્યારે એકદમ ચીસો સાંભળી અને સલીમભાઈ ના દરવાજાની બહાર લોંખડની જાળીઓ હતી તે પછડાવા લાગી હતી. સલીમભાઈ એ દરવાજા તરફ જોયુ અને સમજી ગયા કે ટોળુ સોસાયટીની અંદર આવી ગયુ હતું અને સલીમભાઈ ના ઘરનો દરવાજો તોડવા માટે તે લોંખડની જાળી હચમચાવી રહ્યા હતા. મારી નાખો, મારી નાખો મીયાઓને અવાજ સાંભળી સ્ત્રીઓ અને બાળકો તો ઠીક પણ ઘરમાં રહેલા પુરૂષો પણ ભાંગી પડ્યા હતા. સલીમભાઈ અમારા વડીલ અને નેતા હતા.

તેમણે ખુબ પ્રયત્ન કર્યા અમને બચાવવાના, તેમણે અમને કહ્યુ પાછળના દરવાજે ભાગો, ત્યાંથી ઉપરના માળે જવાની સીડી છે ત્યાં જતા રહો. અમે બધા જેટલા ભાગી શકીએ એટલા પાછળનો દરવાજો ખોલી ઉપર તરફ ભાગવા લાગ્યા. અમે જોયુ તો સલીમભાઈ ના ઘર ઉપર પેટ્રોલ બોમ્બ ફેંકાઈ રહ્યા હતા. અમે ઉપરના માળે જતા રહ્યા. બારી બારણા બધુ જ બંધ કરી દીધુ. બહારથી ચીચીયારીઓ સંભળાઈ રહી હતી. વાતાવરણમાં સળગવાની વાસ આવી રહી હતી, પણ શુ થઈ રહ્યુ છે તેની બંધ ઘરમાં ખબર પડતી ન્હોતી. અમે ધ્રજી રહ્યા હતા, આમ લગભગ ૧કલાક પસાર થયો હશે. અમને પોલીસના વાહનોની સાયરન સંભળાઈ પછી ગોળીબારના અવાજ સંભળાયા. ખરેખર પોલીસ આવી હતી કે નહીં તેની અમને ખબર ન્હોતી. પણ સાયરનના અવાજને કારણે તેવુ લાગી રહ્યુ હતું. અડધો કલાક પછી અમે

સલીમભાઈ ના ઘરમાં ઉપરના માળે હતા તેનો કોઈ જોર જોરથી દરવાજો ખખડાવવા લાગ્યુ. અમે તો દરવાજો ખોલ્યો નહીં પણ પછી બહારથી કોઈએ કહ્યુ ખોલો પોલીસ છીએ, અમે ડરતા ડરતા દરવાજો ખોલ્યો, ખરેખર પોલીસ જ હતી.

અમે ઉપરના માળેથી નીચે આવ્યા ત્યારે અમારી હિંમત તુટી ગઈ હતી. અમારી સોસાયટીના બધા જ મકાનોને આગ લગાડી દેવામાં આવી હતી. સલીમભાઈ ના ઘરના નીચેના ભાગને



પ્રશાંત દયાળ

પણ આગ લાગી ગઈ હતી અને નીચેના રૂમમાં લાશો જ પડી હતી, અડધી લાશો સળગી ગઈ હતી, ત્યારે અમને અમારો પરવેઝ યાદ આવ્યો. મેં મારી બીબી સામે જોયુ તેણે મને પુછ્યુ પરવેજ ક્યા છે? મેં અમારી સાથે નીચે આવી ગયેલા સોસાયટીના લોકો વચ્ચે જોયુ પણ પરવેજ તેમા ન્હોતા, પણ પોલીસવાળા અમને ઉતાવળ કરી રહ્યા હતા કે અમે પોલીસવાનમાં બેસી જઈએ. મેં પોલીસવાળાને કહ્યુ પણ ખરૂ સાહેબ મારે પરવેજ નથી, તેણે અમને કહ્યુ જલદી અહિંયાથી નિકળો તમારો પરવેજ મળી જશે. અમે પોલીસવાનમાં બેસી ગયા અને પોલીસ અમને રાહત છાવણીમાં લઈ આવી. ફિરોજચાચા ને એક કુંસકુ આવ્યુ, તેમણે પોતાની ઝભ્ભાના ખીસ્સામાંથી હાથ રૂમાલ કાઢ્યો અને નાક સાફ કર્યુ તેમણે વાત આગળ વધારતા કહ્યુ સાહેબ તે દિવસથી આજ સુધી અમે પરવેજ ને જોયો નથી. તેને ખુબ શોધ્યો, સિવિલમા મડદા ઘરમાં પણ જઈ આવ્યા પણ તેનો કોઈ પત્તા લાગ્યો નહીં. હું તો આદમી છુ, હિંમત રાખી પણ પરવેજ ને મા તુટી ગઈ છે. રોજ તે એક વખત તો અચુક પરવેજ ને યાદ કરે છે.


અમે તે દિવસ પછી ક્યારેય અમારા ઘરે જવાની હિંમત કરી નહીં પછી એનજીઓ વાળા આવ્યા અને પત્રકારો આવ્યા, પણ તેઓ અમારી જીંદગીમાં કરી પણ શુ શકે. અમારી જમાતના કેટલાંક આગેવાનોએ પૈસા કાઢી વટવામાં જમીન ખરીદી અને ચાકુબનગર બનાવ્યુ. અમે બંન્ને ત્યાં રહેવા પણ ગયા પણ અમારૂ મન ત્યાં લાગ્યુ નહીં. હું તો પીંજારો હતો, ત્યા કામ મળવુ પણ મુશ્કેલ હતું, કામ પણ ન્હોતુ અને મન પણ લાગતુ ન્હોતુ. અમે નિર્ણય કર્યો સીટીમાં ક્યાંક રહેવા જતા રહીએ એટલે હું અને મારી બીબી હલીમની ખડકીમાં રહેવા આવ્યા. ભાડાના મકાનમાં રહીએ છે, ૨૦૦૦ ભાડુ છે. પરવેજ મરી ગયો તેવુ માનીને સરકારે અમને ૫ લાખ રૂપિયા આપ્યા, તેની ડિપોઝીટ કરી છે ૩ હજાર વ્યાજ આવે છે અને દિલ્હી દરવાજા એક દુકાનમાં નોકરી કરૂ છુ. ત્યાંથી ૬ હજાર રૂપિયા પગાર મળે છે. અમારો ગુજારો થઈ જાય છે. ફિરોજચાચા એ પોતાની વાત પુરી કરી ત્યારે સવારના સાડા ૫ વાગી રહ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના કમ્પાઉન્ડમાં બેઠેલા પોલીસવાળા રીતસર ઝોકા ખાઈ રહ્યા હતા. ચાચાએ પોતાની વાત પુરી કરી ત્યાર પછી ડીસીપી સિન્હા લાંબા વિચારમાં સરી પડ્યા. લગભગ ૧૦ મિનિટ સુધી એકદમ શાંતિ છવાયેલી રહી, કોઈ કશું જ બોલતુ ન્હોતુ. ડીસીપી પોતાની ખુરશીને ટેકો લઈ માથુ ઉપરની તરફ રાખી વિચાર કરી રહી રહ્યા હતા પણ એકદમ સીધા થયા અને ટેબલ ઉપર હાથ મુકતા કહ્યુ ચાચા નસીરૂદ્દીને તમને કેટલા પૈસા આપ્યા હતા? ચાચાએ કહ્યુ સાહેબ તે તો મને ભાડુ પુછતાં હતા પણ મે ના પાડી હતી, તો પણ તેઓ અમદાવાદથી નિકળતા હતા તે પહેલા મારા હાથમાં પરાણે ૫ હજાર રૂપિયા મુકી ગયા હતા. (ક્રમશઃ)

# નિધિ સ્કૂલ દ્વારા 'આપણા રાજા' ગણપતિ મહોત્સવનું આયોજન



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આગામી તા.૧૪/૦૯/"૨૬ (સોમવાર) થી તા. ૨૩/૦૯/,'૨૬ સુધી ૧૦ દિવસીય ગણપતિ મહોત્સવ "આપણા રાજા"નું આયોજન નિધિ સ્કૂલ, ભારતી નગર - ૨, ગાંધીગ્રામ ખાતે કરવામાં આવેલ છે, તા. ૧૪/૦૯/'૨૬ (સોમવાર)ના રોજ સવારે ૯:૦૦ કલાકે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વાજતે ગાજતે ગણપતિ બાપાનુ સ્થાપન કરવામાં આવશે, ત્યારબાદ મહાપુજા કરવામાં આવશે, તેમજ રોજ સાંજે ૭ વાગ્યે મહાઆરતી રોજ કરવામાં આવશે. ૧૦ દિવસીય ગણપતિ મહોત્સવમાં દરરોજ નવા નવા કાર્યક્રમો યોજવામાં આવેલ છે, જેમાં કે.જી વિભાગના વિદ્યાર્થીઓ માટે ગણપતિ ડ્રોઈંગ સ્પર્ધા, ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે માટીના ગણેશ બનાવવાની સ્પર્ધા તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ માટે આરતી ડેકોરેશન તેમજ પાણીપુરી સ્પર્ધાનું આયોજન સ્કૂલ ખાતે કરવામાં આવશે, આ સ્પર્ધામાં વિજેતા તમામ વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ તેમના વાલીઓને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. છેલ્લા ૧૧ વર્ષથી નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા "આપણા રાજા" ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, આ આયોજનને સફળ બનાવવા માટે નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા, દષ્ટિ ચાવડીયા, સ્નેહા માકડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી ગણ કાર્યરત છે.



### કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં સવારે 10થી બપોરે 1 સુધી આયોજન : પુસ્તકપ્રેમીઓને મનગમતાં પુસ્તકો લઈ જવા આમંત્રણ

# કાલાવડ રોડ પર રવિવારે જામશે 'પુસ્તક પરબ'

સિટી ન્યૂઝ@રાજકોટ

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃતિને વેગ મળે તેવા શુભાશયથી સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે. પુસ્તક પરબનો ૫૮ મો મણકો આવતીકાલે તારીખ ૯ ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કાલાવડ રોડ પર નૂતનનગર હોલ પાસે આવેલ કે.જે કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે.પુસ્તક પરબમાં વાંચકો માટે ઐતિહાસિક, ધાર્મિક,ચિંતનાત્મક. વિજ્ઞાન, પ્રવાસ સહિતના પુસ્તકો ખુલ્લા મૂકવામાં આવે છે કોઈ પ્રકારની ડિપોઝિટ સભ્ય ફી કે લવાજમ વગર પુસ્તકપ્રેમીઓ પોતાને મનગમતા પુસ્તકો પોતાને જોઈએ એટલા લઈ જઈ શકે છે. શહેરના



પુસ્તકપ્રેમીઓ, વાંચનપ્રેમીઓને પુસ્તક પરબની મુલાકાતે પધારવાનું સ્નેહભર્યું નિમંત્રણ છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.



# રાજકોટમાં પ્રથમવાર રાષ્ટ્રીય સેલીબ્રીટીનું આગમન

## ઈન્ડીયન એરફોર્સના સ્ક્વોડ્રન લીડર નુપુર જૈન કરશે NCC કેડેટ્સ સાથે સંવાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

ભારતનું અભેદ સુરક્ષા કવચ એટલે ઈન્ડીયન એરફોર્સ, ઈન્ડીયન નેવી અને ઈન્ડીયન આર્મી. આ સુરક્ષા ચક્રને કારણે આપણે સ્વતંત્ર અને સલામત છીએ. રાજકોટ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ રામકૃષ્ણ આશ્રમના વિવેક હોલમાં સવારે ૯ થી ૧૧ દરમ્યાન નારી શક્તિનું પ્રતિક, રાષ્ટ્રનું ગૌરવ અને રાષ્ટ્રપ્રેમી એવા ઈન્ડીયન એરફોર્સના સ્ક્વોડ્રન લીડર નુપુર જૈનના વ્યાખ્યાનનું આયોજન છે. સ્વયં NCC કેડેટ હોવાથી એમની ઈચ્છા NCC કેડેટ્સ સાથે સંવાદ અને વાર્તાલાપ કરવાની હતી. એમની કારકિર્દી NCC થી શરૂ કરી ઈન્ડીયન એરફોર્સના સ્ક્વોડ્રન લીડર બનવા સુધીની સફર અત્યંત સંઘર્ષમય અને રોચક છે. માત્ર ૧૩ વર્ષની વયે અસલી બંદુક ચલાવી ૨૧મા વર્ષે ઈન્ડીયન એરફોર્સમાં જોડાઈ રાષ્ટ્ર માટે પોતાનું જીવન સમર્પિત કરનાર નુપુરજીએ બાલાકોટ એર સ્ટ્રાઈક સમયે ફ્રન્ટ લાઇનમાં રહી ભારતને વિજય અપાવી વીરતા અને સાહસથી દુશ્મનોને ધૂળ ચાટતા કરનાર નુપુર જૈન રાષ્ટ્રનું ગૌરવ છે. એમનું આગમન રાજકોટીયન્સ માટે પણ ગૌરવની વાત છે. NCC કેડેટ્સ અને આયોજકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માત્ર આમંત્રિતો માટે જ મર્યાદિત આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી, SLM ફાઈ. સર્વિસના ફાઉન્ડર સંજય મહેતા, મોદી સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી રશ્મિકાંતભાઈ મોદી, NSS પ્રોગ્રામ ઓફીસર ડો. યશવંત ગોસ્વામી, NCC કમાંડીંગ ઓફીસર ભાસ્કર તોમાર, NCC ઓફીસર સુબોધ સર, GCI પાયલ દોશી, નિલેશભાઈ સેંજલીયા (મોદી સ્કુલ) જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમનું સંચાલન 'સ્તવન્ બાય નમ્ર'ના ફાઉન્ડર નમ્ર મહેતા અને કો ફાઉન્ડર હિતશ્રી મહેતા કરશે.

# સદરમાં રાવળ સમાજની શોભાયાત્રાનું મુસ્લિમ આગેવાનો દ્વારા સ્વાગત

સિટી ન્યૂઝ@રાજકોટ

સંત શ્રી રતનદાસ બાપુની પાવન પુણ્યતિથિ નિમિત્તે રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા ભવ્ય શોભાયાત્રા તથા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં સમાજના આગેવાનો, યુવાનો તથા મોટી સંખ્યામાં ભક્તજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શોભાયાત્રા સદર બજાર, રાજકોટ ખાતે પહોંચતા મુસ્લિમ આગેવાનો દ્વારા ફૂલહાર પહેરાવી હર્ષોલ્લાસ સાથે ભવ્ય સ્વાગત





કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોમી એકતા, ભાઈચારા અને સામાજિક સૌહાર્દની ભાવનાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું હતું. આ પ્રસંગે હબીબભાઈ ગનીબાપુ કટારિયા, હાજી કરીમભાઈ શેરુ, મૌલાના મુકીમ મોહમ્મદ, આસિફ ભાઈ ખોખર,એહમદભાઈ કુરેશી, હનીફભાઈ ગનીબાપુ કટારિયા, રફીકભાઈ ગનીબાપુ કટારિયા, હનીફભાઈ માંડરિયા, સિદ્દિકભાઈ કામદાર તથા રૌફભાઈ ફ્રૂટવાલા સહિતના મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહી શોભાયાત્રાનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું.

સંત શ્રી રતનદાસ બાપુની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલી આ શોભાયાત્રામાં વિવિધ સમાજના આગેવાનો તથા લોકો દ્વારા કરવામાં આવેલ સ્વાગતથી હિન્દુ-મુસ્લિમ એકતા અને સામાજિક ભાઈચારાની ભાવના વધુ મજબૂત બની હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યો અને ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો.

### ‘સેવા એ જ જીવન’એ સુત્રને અપનાવનારા

# સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનો આવતીકાલે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં સેવા પ્રવૃત્તિ થકી આકાશી ઉંચાઈને આંબનારી સરગમ કલબના સુકાની ગુણવંતભાઈ ડેલાવાળાનો તા. ૧૩ સપ્ટેમ્બરને રવિવારે જન્મદિવસ છે. તા.૧૩/૯/૧૯૫૪ ના રોજ જન્મેલા ગુણવંતભાઈ જીવનના ૭૨ વર્ષ પૂર્ણ કરી ૭૩મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. સરગમ કલબના પ્રમુખ પદે રહીને તેમણે સફળતાના અનેક શિખરો સર કર્યા છે. ૪૪ વર્ષમાં સરગમના નેજા હેઠળ જુદીજુદી ૫૧ જેટલી સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરીને તેમણે રેકોર્ડ સ્થાપ્યો છે. ગુણવંતભાઈએ સેવા એ જ જીવન એ સુત્રને અપનાવી લીધુ છે. ગુણવંતભાઈ ડેલાવાળાએ સેવાના અનેક ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે અને સરગમ કલબના જુદાજુદા ૫૧ પ્રકલ્પોના માધ્યમી સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહયા છે. કોરોના કાળમાં પણ તેઓએ ઘણી સેવા કરી છે.સરગમ પરિવાર ૧૫ હજારથી વધુ મેમ્બર ધરાવે છે.હાલમાં તેમના માર્ગદર્શન હેઠળ સરગમ કલબનું પોતાની માલિકીનું




સેવા ભવન પણ આકાર લઈ રહ્યુ છે. ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ હેમુગઢવી નાટયગૃહ, રામનાથપરા મુક્તિધામ, ઈન્ડોર સ્ટેડિયમ, ઈવનિંગ પોસ્ટ, ૬ આરોગ્ય સંકુલના સંચાલન ઉપરાંત જેન્ટસ, લેડીઝ, બાળકો અને સિનિયર સીટીઝનો માટે વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેમની સેવાની નોંધ રેકોર્ડ બુકમાં પણ લેવામાં આવી છે. તેઓ ૬૧ વર્ષથી આર.એસ.એસ.ના સ્વયંસેવક છે અને ૫૧ વર્ષથી જનસંઘ તથા ભાજપના નિષ્ઠાવાન કાર્યકર્તા છે. તેઓ રૂડાના ચેરમેન, ભાજપની કારોબારીના આમંત્રિત સભ્ય, વિજય કોમર્શીયલ બેન્કના ડીરેકટર તેમજ ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનના ડાયરેક્ટર ઉપરાંત કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલય હેઠળના કોપેરિશનમાં ડાયરેક્ટર જેવા હોદ્દાઓ ભોગવી ચૂક્યા છે. રાજકોટ મેટલ મર્ચન્ટ એસોસીએશન ઉપરાંત સમસ્ત ગુજરાત કંસારા સમાજના માજી પ્રમુખ તેમજ શહેરની અનેક જાણીતી સંસ્થાઓ, સંગઠનો સાથે સક્રિય પણે જોડાયેલા ગુણવંતભાઈ ડેલાવાળા તેમના બહોળા મિત્ર વર્તુળ અને સંપર્ક સેતુ માટે જાણીતા છે. ગુણવંતભાઈ ડેલાવાળાને તમામ પક્ષ સાથે સારા સંબંધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા સાથે પણ તેઓને અંગત પરિચય છે. આ ઉપરાંત મંત્રીઓ, તંત્રીઓ અને ધર્મગુરુઓ સાથે પણ આત્મીયતા ધરાવે છે. તેમણે ૫૦થી વધુ દેશોના પ્રવાસ કર્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે અનેક લોકો તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૦ ૪૦૮૮૯ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# શિક્ષણના સારથી વિક્રમ પુજારાનો કાલે જન્મદિવસ



રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને ભાજપના કર્મઠ અગ્રણી વિક્રમ પુજારાનો ૧૩ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ હોવાથી સમગ્ર રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી તેમના પર શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે. વ્યવસાયે સફળ ટેક્સ કન્સલ્ટન્ટ હોવા છતાં જાહેર જીવનમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સમયથી સક્રિય રહીને તેમણે લોકસેવા અને સંગઠન સમર્પણનો ઉત્કૃષ્ટ દાખલો રજૂ કર્યો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ વિક્રમ પુજારાએ પ્રાથમિક શાળાઓના બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પરંતુ ગુણવત્તાસભર, આધુનિક અને સંસ્કારયુક્ત શિક્ષણ મળે તે દિશામાં ક્રાંતિકારી પ્રયાસો કર્યા છે. કર્તવ્યનિષ્ઠા, કાર્યકુશળતા અને વિનમ્ર વ્યક્તિત્વ ધરાવતા વિક્રમ પુજારાને તેમના જન્મદિને તેમના મોબાઈલ નં. ૯૮૨૫૮૮૨૫૨૫ પર પક્ષના વરિષ્ઠ આગેવાનો, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## ‘વિશ્વ બંધુત્વ દિવસ’ની ઉજવણી અંતર્ગત

# શ્રીરામકૃષ્ણ આશ્રમ દ્વારા યુવા સંમેલનમાં 500 યુવાનો જોડાયા

## કાર્યક્રમના અંતે સહુ યુવાઓને સ્વામી વિવેકાનંદના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા





**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ ખાતે સ્વામી વિવેકાનંદે શિકાગોની વિશ્વ ધર્મમહાસભામાં આપેલ ઐતિહાસિક ભાષણની ૧૩૩મી જયંતિ નિમિત્તે શુક્રવાર, તા.૧૧ સપ્ટેમ્બરનાં રોજ યુવા સંમેલન યોજાયું. સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી પરાક્રમસિંહજી જાડેજા, ચેરમેન જ્યોતિ C.N.C. ઓટોમેશન લિમિટેડ, રાજકોટ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ શ્રી જગદીશભાઈ કોટડીયા, ડાયરેક્ટર ફાલ્કન પંપ્સ પ્રા. લિ., રાજકોટ પણ હાજર રહ્યા હતા. આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ સ્વાગત વક્તવ્યમાં આજના ઐતિહાસિક દિવસની ભૂમિકા રજૂ કરી તેમજ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ અને રામકૃષ્ણ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી. મુખ્ય અતિથિ પરાક્રમસિંહજી જાડેજાએ પોતાના વક્તવ્યમાં સ્વામી વિવેકાનંદનું વાક્ય ટાંક્યું કે "ફૂટબોલની રમતથી શારીરિક સબળતા પ્રાપ્ત થશે, જે તમને ગીતા સમજવામાં વધુ સહાયરૂપ બનશે." તેમણે ઉમેર્યું કે ભારતને "વિકસિત ભારત" બનાવવા યુવાઓમાં ઓછામાં ઓછુ એક કૌશલ્ય હોવું અત્યંત આવશ્યક છે. જગદીશભાઈ કોટડીયાએ પોતાના માર્ગદર્શન દરમિયાન "No Pain, No Gain" નો અર્થ સમજાવતા જણાવ્યું કે "પીડા વગર કંઈ મળતું નથી" અને "જ્યાં વિસર્જન છે ત્યાં જ સર્જન છે." તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈશ્વરીય શક્તિ સૌને સમાન મળે છે, પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે વ્યક્તિગત નિર્ણય છે. સફળતા મેળવવા માટે પોતાની જાતને પ્રોત્સાહિત કરવાનું શરૂ કરવું જોઈએ. ઉતરાર્ધમાં આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ યુવાઓના મનને મુંઝવતા પ્રશ્નોના ઉત્તરો આપ્યા તથા મનની એકાગ્રતા વધારવા અમૂલ્ય સૂત્રો રજૂ કર્યા. આ સંમેલનમાં આશરે ૫૦૦ જેટલા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સહુ યુવાઓને સ્વામી વિવેકાનંદના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા.

# કોસમોસ પ્રાઈડ બિલ્ડીંગમાં ગણપતિનું થશે આગમન




ભગવાન શિવને સમર્પિત શ્રાવણ મહિનો પુરો થયો છે. સોમવારથી ગણપતિ બાપ્પાનો તહેવાર એટલે કે ગણેશ ચતુર્થી આવશે એટલે ગણપતિ મહોત્સવ ધામધૂમ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવશે જેની લોકો આખું વર્ષ આતુરતાપૂર્વક રાહ જુએ છે ત્યારે મોટા મવા માં સ્પીડવેલ પાર્ટી પ્લોટ ની સામે આવેલા કોસમોસ પ્રાઈડ બિલ્ડિંગ ના ૧૧૭ પરિવાર દ્વારા ૧૪ સપ્ટેમ્બર એટલે કે સોમવાર થી શરૂ થતા ગણેશ મહોત્સવ ની ઉજવણી ના ભાગરૂપે વાજતે ગાજતે ભવ્ય સામૈયા સાથે ગણપતિ બાપ્પા નું આગમન થશે અને પાંચ દિવસ દરમ્યાન બાળકો ના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ મહિલા મંડળ દ્વારા પરફોર્મન્સ તેમજ બાપ્પા ને ૫૬ ભોગ નો અન્નકુટ પણ ધરવામાં આવશે અને પાંચ દિવસ બાદ શુક્રવારે સરકારી ગાઈડ લાઈન હેઠળ બાપ્પા ની મૂર્તિ નું વાજતે ગાજતે ભવ્ય વિસર્જન કરવામાં આવશે તેમ કોસમોસ પ્રાઈડ ની ઊત્સવ કમિટી ના સંયોજક હસમુખ પટેલની યાદી જણાવે છે.

# ભાવનગરઃ નીલમબાગ પોલીસ સ્ટેશનનાં પી.આઈ. ઉનડકટનું શાલ ઓઢાડી સન્માન કરાયું



૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભાવનગરના મુખ્ય એસટી બસ સ્ટેન્ડ ખાતે બપોરે બે વાગ્યા આસપાસ ફૈઝલ ખાટકી નામના કુખ્યાત હિસ્ટ્રિશિટર એ પોતાની સાથે લિવ ઈનમા રહેતી યુવતી કાજલ બારૈયાની સરાજાહેર બસ સ્ટેન્ડના ફ્લોર પર માથા પછાડી પછાડીને સાત મિનિટ સુધી બેરહેમી પૂર્વક માર માર્યો. આ જીવલેણ હુમલામા ગંભીર રીતે ઘવાયેલ યુવતીનું સર ટી હોસ્પિટલમા ટૂંકી સારવાર બાદ દુખદ અવસાન થયું. આ કરુણ બનાવ ભાવનગરના નિલમબાગ પોલીસ સ્ટેશનની હદમા બનેલો હોય , ત્યાંના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.પી.ઉનડકટે ગણતરીની કલાકોમાં ફૈઝલ ખાટકીને ઝડપી લઈ ભાવનગર બસ સ્ટેન્ડ ખાતે લઈ જઈને સરાજાહેર ૧૦૭ લાકડીની સટાસટી બોલાવી ભાવનગર સહિત ગુજરાતની જનતાને ન્યાયનો પ્રત્યક્ષ અહેસાસ કરાવ્યો. ગુન્હેગારો માટે પોલીસની લાઠી જ અંતિમ પડાવ છે તેનો યથાર્થ દાખલો બેસાડી પી આઈ ઉનડકટે ગુજરાત પોલીસને નવો આયામ આપ્યો છે, ત્યારે તેમની આ તાબડતોબ ન્યાય વાળી પદ્ધતિ થી અત્યંત પ્રભાવિત થઈને તેમને બિરદાવવા હેતુ હું ભાવનગર ગયો, નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે તેમનું મોઢું મીઠું કરાવ્યું તેમજ શાલ ઓઢાડી ને સન્માન કર્યું.

### મોદી સ્કૂલના મોભી ડો.રશ્મીકાંત મોદીના પિતા

# સ્વ.પી.વી.મોદીની જન્મ જયંતિ નિમિતે આવતીકાલે રકતદાન કેમ્પનું આયોજન

## ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ દીપ પ્રાગટ્ય કરીને મહારકતદાન કેમ્પનું ઉદઘાટન કરશેઃ મોદી સ્કૂલ્સ દ્વારા રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલનાં જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે.

રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવે છે.

હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્યશ્રી-૬૯) દ્વારા તેમજ મોદી સ્કૂલ્સના મેનેજીંગ ટ્રસ્ટી ડો. રશ્મીકાંત મોદીના પિતાશ્રી સ્વ. શ્રી પી.વી. મોદી સાહેબની જન્મ જયંતિ નિમિત્તે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી (૧) શ્રી વી.જે. મોદી સ્કૂલ, નાગરિક સહકારી બેંકની સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ (૨) શ્રી પી.વી. મોદી સ્કૂલ, ઈન્દ્રપ્રસ્થનગર, ભક્તિનગર રેલ્વે લાઈન પાસે, રાજકોટ તથા (૩) મોદી સ્કૂલ, અંબિકા ટાઉનશીપ સામે, મવડી પોલીસ હેડ કવાટર્સ



સામે,રાજકોટ ખાતે એમ કુલ મોદી સ્કૂલની ત્રણ અલગ-અલગ બ્રાન્ચોમાં એક જ દિવસે તા.૧૩, સપ્ટેમ્બર, રવીવારે સવારે ૦૮ : 30 થી બપોરના ૧૨ : 30 વાગ્યા સુધી મહારક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

મોદી સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. રશ્મીકાંત મોદી સાહેબ જણાવે છે કે, મોદી સ્કૂલ દ્વારા દર વર્ષે ત્રણ થી ચાર રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવે છે, મોદી સ્કૂલ દ્વારા કુલ ૩૮ મહારકતદાન કેમ્પો કરવામાં આવ્યું છે જેમાં અત્યારસુધીમાં ૭૦૦૨ બોટલ્સ રકત એકત્રીત કરી જરૂરીયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મોદી સ્કૂલ નીમીત બની ચૂકી છે.રાજકોટના લોક લાડીલા ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શિતાબેન શાહ દીપ પ્રાગટ્ય કરીને મહારકતદાન કેમ્પનું ઉદઘાટન કરી રક્તદાતાઓને પ્રોત્સાહિત કરશે.ડૉ. દર્શિતાબેન શાહ રાજકોટ પશ્ચિમ (૬૯) વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય (MLA) છે. તેઓ વ્યવસાયે જાણીતા પેથોલોજિસ્ટ ડૉક્ટર છે અને અગાઉ રાજકોટ મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની વિચારધારા ધરાવતા પરિવારમાંથી આવતા ડૉ. દર્શિતાબેન તેમના વિસ્તાર અને રાજકોટ શહેરમાં વિવિધ પ્રકારના લોકઉપયોગી અને સેવાકીય કાર્યો માટે સક્રિય છે.

આરોગ્ય ક્ષેત્રે સેવાઓમાં એક તબીબ (પેથોલોજિસ્ટ) હોવાના નાતે તેઓ સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત છે. તેમના વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે નિયમિતપણે નિશુલ્ક નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ અને સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં સહયોગ આપે છે. તેમજ સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ પીએમ જય





આયુષ્માન કાર્ડ અને અન્ય સરકારી આરોગ્યલક્ષી યોજનાઓ સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે તેઓ સતત માર્ગદર્શન પૂરું પાડે છે. સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં દિવ્યાંગો માટે સેવા તેઓ રાજકોટની જાણીતી સંસ્થા 'વીરાણી બહેરા મૂંગા શાળા'માં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે અને દિવ્યાંગ બાળકોના શિક્ષણ તેમજ કલ્યાણ માટે સક્રિય યોગદાન આપે છે.

# સ્વ.જયકાંતભાઈ દુર્ગાશંકર જોશી પરિવારે સદ્ગતનું ચક્ષુદાન કર્યું

જોશી પરિવારના સ્વ. જયકાંતભાઈ દુર્ગાશંકર જોશી (ઉ. ૬૬) અવસાન પામતા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ના પ્રયાસથી સ્વ. જયકાંતભાઈ દુર્ગાશંકર જોશીના પુત્ર દીપભાઈ જોશી તેમજ જોશી પરિવાર દ્વારા તેમના પૂજ્ય પિતાશ્રીના બન્ને ચક્ષુઓનું દાન કરવાનો સમાજ ઉપયોગી નીર્ણય લીધો હતો.

ચક્ષુદાનમાં અર્હમ ફાઉન્ડેશનના આંખના સર્જન ડો. ધર્મેશભાઈ શાહ તેમજ તેમની આંખના ડોક્ટર્સની ટીમ દ્વારા માનદ સેવા અર્પણ કરવામાં આવેલ હતી. વ્યક્તિના અવસાન બાદ ૬ કલાક સુધીમાં ચક્ષુદાન તેમજ સ્કિનદાન કરી શકાય છે, હજી સમાજમાં ચક્ષુદાન તેમજ સ્કિનદાનની જાગૃતિની વધારે જરૂરરિયાત છે, આ તકે ૨ વ્યક્તિઓના જીવનમાં પ્રકાશની રોશની પથરાશે. જોશી પરિવાર તરફથી ચક્ષુદાન કરવાનો નીર્ણય સમાજ માટે પ્રેરણા સમાન છે.

આપના ઘરે આવતા પ્રસંગોમાં જન્મદિવસ નિમિત્તે કે કોઈ વ્યક્તિના સ્મૃતિરૂપ દિવસ નિમિત્તે તથા અન્ય પ્રસંગોપાત રકતદાન કેમ્પનું પણ આયોજન કરો તો આ તકલીફનું આંશીક નિવારણ થઈ શકે તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ કોઈપણ જીવદયાના સેવાના કાર્ય માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨ ૦૦૬૬૦ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ



રાજકોટઃ આજરોજ સ્વ.જયકાંતભાઈ દુર્ગાશંકર જોશીનું (ઉ. ૬૬)અવસાન થતાં દીપભાઈ જોશીના પિતાશ્રી તેમજ જોશી પરિવાર દ્વારા જયકાંતભાઈનું ચક્ષુંદાન કરવામાં આવેલ.આ સેવામાં અર્હમ આઈ ફાઉન્ડેશનના આઈ સર્જન ડો .ધર્મેશભાઈ શાહ તેમજ તેમની ડોકટર્સની ટીમેં માનંદ્ઘ સેવા આપેલ, તેમજ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ચક્ષુદાન કરવામાં આવેલ. ખાસતો ૨ દ્રષ્ટિહિન વ્યક્તિના જીવનમાં પ્રકાશની રોશની પથરાશે,કોઈ વ્યક્તિના અવસાનના ૬ કલાક દરમ્યાન સુધી આંખ તેમજ સ્કિનદાન કરવું જોઈએ,શ્રી મંદ રાજચંદ્ર ફાઉન્ડેશનને એક સેવાની તક આપવાં બદલ જોશી પરિવારના આભારિત છીએ, કોઈ વ્યક્તિના જન્મ દિવસ કે કોઈ વ્યક્તિના સ્મૃતિરૂપે સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરવા માટે તેમજ ચક્ષુદાન, સ્કિનદાન, દેહદાન, અંગદાન તેમજ જીવદયાના સેવાના કાર્યો માટે શ્રીમંદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મોબાઈલ નંબર ૯૪૨૮૨-૦૦૬૬૦ સંપર્ક કરવાં નમ્ર વિનંતી.

રાજકોટ : મુવાગામ સિક્કા નિવાસી હાલ રાજકોટ જાદવજીભાઈ હંસરાજભાઈ મકવાણા (ઉ.વ.૭૦) તે જયેશભાઈ તથા



મિલનભાઈના પપ્પા તથા વંશના દાદાનું તા. ૧૧/૦૯/૨૦૨૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૪ ને સોમવારના રોજ સાંજે ૪:30 થી ૫:30 કલાકે તેમના નિવાસ સ્થાન કૃષ્ણ ટાઉનશીપ મવડી કણકોટ રોડ, મવડી મુક્તિધામ સામે રાજકોટ ખાતે રાખેલ છે.

# સહેલી લેડિસ કલબ આયોજિત વેલકમ નવરાત્રીનું આયોજન

## સ્પર્ધાને વધુ રોમાંચક બનાવવા માટે વિજેતાઓને 'લાખેણા ઈનામો' અપાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આગામી નવરાત્રિના પાવન પર્વને ઉમંગભેર વધાવવા માટે રાજકોટમાં સહેલી લેડિસ કલબ દ્વારા 'વેલકમ નવરાત્રિ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ખેલૈયાઓના ઉત્સાહને બમણો કરવા માટે આ કાર્યક્રમ આગામી તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૩:૦૦ થી સાંજના ૭:૦૦ વાગ્યા સુધી યોજાશે. ગરબાના આ રમઝટભર્યા કાર્યક્રમનું સ્થળ સેન્ટ ગાર્ગી સ્કૂલ, ૨ સુભાષનગર, આમ્રપાલી ફાટક પાસે, રૈયા રોડ, રાજકોટ નક્કી કરવામાં આવ્યું છે, જ્યાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમશે અને માતાજીની આરાધના કરશે.



આ કોમ્પિટિશનમાં ભાગ લેનાર ખેલૈયાઓ માટે કુલ ચાર ગ્રુપ (A, B, C અને D) પાડવામાં આવ્યા છે, જેમાં લેડીસ તથા જેન્ટ્સ બંને ભાગ લઈ શકશે. ગ્રુપ A માં ૩ થી ૧૦ વર્ષના બાળકો, ગ્રુપ B માં ૧૧ થી ૧૮ વર્ષના બાળકો, ગ્રુપ C માં ૧૯ થી ૪૦ વર્ષના ભાઈઓ-બહેનો અને ગ્રુપ D માં ૪૦ વર્ષથી ઉપરના ખેલૈયાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પર્ધાને વધુ રોમાંચક બનાવવા માટે દરેક ગ્રુપમાં વિજેતાઓને ૧૩ જેટલા 'લાખેણા ઈનામો' આપવામાં આવશે. વિશેષમાં, આ કોમ્પિટિશનમાં ભાગ લેનાર દરેક ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા માટે શ્યોર ગિફ્ટ તેમજ નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.સહેલી લેડિસ કલબના આ પારિવારિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને સર્વાંગી રીતે સફળ બનાવવા માટે સંસ્થાના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. જેમાં ખાસ કરીને જીતા દત્તાણી, તૃપ્તિ મકવાણા અને જ્યોતિ પોરિયા દ્વારા ખેલૈયાઓને શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવા માટે રાત-દિવસ વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાજકોટના તમામ ગરબારસિકોને આ આયોજનમાં ઉત્સાહભેર જોડાવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ 'વેલકમ નવરાત્રિ' કાર્યક્રમમાં ભાગ લેવા અથવા વધુ માહિતી મેળવવા માટે આયોજકોના કોન્ટેક્ટ નંબર ૯૯૨૪૭ ૫૩૭૨૨ પર સંપર્ક કરી શકાશે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

# તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની - તમારો વોર્ડ - તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો - "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય - "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી